December 2023

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB


જ્ઞાન * દર્શન * ચારિત્ર
શ્રી પાટણ જૈન મંડળ
1912
સેવા * સહકાર * સંગઠન
Shree Patan Jain Mandal

Year 19 ● Issue 3 / 214

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

● Mumbai ● Page 48 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

ટેલિફોન: 22811346 ● 22811218 ● Mobile: 8779161209 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)

સ્નેહી સ્વજનો

***Wish you All Happy New Year***

સમય તાલબદ્ધ રીતે પોતાનું કામ કરે છે અને ફરીથી આવનારું નવું વર્ષ ૩૬૫ ડગલાં ભરવા પોતાની યાત્રા શરૂ કરવાનો થનગનાટ કરી રહ્યો છે. વર્ષ ૨૦૨૩ને ભાવથી વિદાય આપીએ અને વર્ષ ૨૦૨૪નું હરખાતા હૈયે, નવા અરમાનોને નવી આશાઓ સાથે સ્વાગત કરીએ.

મને જણાવતા ગર્વની લાગણી થાય છે કે આપણે મરીનડ્રાઈવ તેમજ ભાયંદર ખાતે બે સ્થળોએ બ્લડ કલેક્શન સેન્ટરો શરૂ કરી દીધા છે. આ સાથે બોરીવલી ખાતે ત્રીજુ સેન્ટર તા. ૧ જાન્યુઆરીથી શરૂ કરવાની તૈયારી છે, જેથી દૂર દૂરનાં પરામાં રહેતા લોકો પણ ખુબ જ સરળતાથી આ સેન્ટરનો લાભ લઈ શકે. સાંતાક્રુઝ થી બોરીવલી સુધી હોમ કલેક્શન સેન્ટર ચાલુ કરવામાં આવ્યું છે જેનો સર્વિસચાર્જ **રૂા. ૧૦૦/- રહેશે તે માટે શ્રદ્ધા ગુરવ (મો. નં. ૮૮૭૯૧૯૪૭૬૬) સંપર્ક** કરવા વિનંતી.

ગોરેગામ ખાતે સૌરભ મેડિકલ સેન્ટરને દિન-પ્રતિદિન સારો પ્રતિસાદ મળતો જાય છે. ૪૦ થી પણ વધારે ડૉક્ટરો વિવિધ રોગોના - એપોઈન્ટમેન્ટ ફિક્સ થઈ ગઈ છે. આ જાણકારી સમાજમાં વધુમાં વધુ લોકો એકબીજાને આપીને આ મેડિકલ સેન્ટરનો હેતુ સાર્થક કરી શકે છે. ***Healthy Pattni, Wealthy Pattni*** ના સૂત્રને ખરા અર્થમાં અપનાવીને આપની તંદુરસ્તી પ્રત્યે સજાગતા કેળવી શકશો. **NABH (National Accreditation Board for Hospitals & Healthcare Providers)** હોસ્પિટલ માટેનું સર્ટિફિકેટ મેળવવા અરજી કરી દીધેલી છે જે ત્રણ મહિનામાં આપણી પાસે આવી જશે, તેનો ફાયદો નીચે મુજબ છે.

### BENEFITS OF ACCREDITATION

- **Patients are the biggest beneficiary among all the stokeholders.**
- **Accreditation results in high quality of care and patient safety.**
- **The patients are serviced by credentialed medical staff.**
- **Rights of patients are respected and protected. Patient's satisfaction is regularly evaluated.**

આ મેડિકલ સેન્ટર માટે ઉદાર દિલના દાતાઓ સ્વેચ્છાએ સંસ્થામાં સાથ સહકાર આપી રહ્યા છે. હવે બહુ થોડા ડિપાર્ટમેન્ટના લાભ લેવાના બાકી રહ્યા છે તો સુખી સાધન સંપન્ન પરિવારોને માનવતાની સેવાના આ કાર્યમાં જોડાવા માટે અમે આપને આમંત્રિત કરીએ છીએ.

મને જણાવતા આનંદ થાય છે કે શ્રી રવિભાઈ સેવંતીલાલ શાહ જે આપણા ટ્રસ્ટી છે એમણે સૌરભ મેડિકલમાં ઉદાર દિલે સખાવત જાહેર કરી છે જે બદલ સંસ્થા એમની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

### GENERAL SURGERY

- **Smt. Vasumatiben Sevantilal Ambalal Shah (Chitarani Khadki) 1.25 CR**

Cont. page 2

આપણા પ્રથમ ઉપપ્રમુખ શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ છેલ્લા પચ્ચીસ વર્ષથી વધારે સમયથી પાટણ જૈન મંડળ સાથે સક્રિય રીતે જોડાયેલા હતા. ૨૦૧૮માં વિલેપાર્લે પાટણ જૈન મંડળ દ્વારા ભાઈદાસ ખાતે મ્યુઝિકલ કાર્યક્રમ તથા સહારા સ્ટાર હોટલ ખાતે દાંડિયા રાસનો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મંડળની સિલ્વર જયંતિ ઉજવણીનો કાર્યક્રમ સન્મુખાનંદ હોલ ખાતે યોજાયેલ જેમાં સમાજના ૩૦૦૦ ભાઈ-બહેનોએ ઉપસ્થિત રહી તેને અદ્‌ભુત સફળતા અપાવી હતી. તેઓ મંડળ તથા મિત્ર મંડળમાં જુદા જુદા હોદ્દાઓ ઉપર રહી સમાજના પરિવારો માટે તન-મન-ધનથી સેવાઓ આપી રહ્યા હતા.

૨૦૨૦માં કોરોના સમયમાં ૩૦૦ ફેમિલીને બે વખત રૂા. ૫૦૦૦/-  એટલે કુલ રૂા. ૩૦ લાખની સહાય કરી હતી જે દરેકને ઘરે બેઠા તેમના ખાતામાં રૂપિયા જમા કરાવ્યા હતા.

તાજેતરમાં ફેબ્રુઆરી માસમાં યોજાનાર સમ્મેત શિખર પ્રવાસના આયોજન માટે, તેમની તબિયત નાદુરસ્ત હોવા છતાં ઘરે રહીને પણ ખુબ સ્વસ્થ રહીને હસતા મુખે મિટીંગોનું આયોજન કરીને કામ કરી રહ્યા હતાં. બસ તેમના દિલમાં એકજ વાત કે; **''મારાં પાટણ સમાજનાં લોકોને સરસ રીતે જાત્રા કરાવવી છે.''** તે માટે પણ ડોનરોનો સહકાર માગતા હતા.

જીવન નિર્વાહ નિમિત્તે દાતાઓ પાસેથી સારામાં સારું ફંડ ભેગુ કરીને આર્થિક સહાય વધારવામાં સુંદર સહયોગ આપ્યો હતો.

શૈક્ષણિક બાબત વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે વધુ રકમની લોન આપીને સહાયક બનતા રહ્યા. કરતા.

સૌરભ મેડિકલ હેલ્થકેરમાં દાતાઓ સાથે ખુબજ વિગતવાર ચર્ચા વિચારણા કરીને ડોનેશન મેળવવામાં તેમનો અનન્ય સિંહ ફાળો હતો. મનમાં એકજ સ્વપ્ન હતું કે જલ્દીમાં જલ્દી વહેલી તકે સૌરભ મેડિકલ હેલ્થકેર સેન્ટર ઊભું થઈ જાય.

એમની જેટલી પ્રસંશા કરીએ તેટલી ઓછી છે, આવા સક્રિય કાર્યકર સમાજને મળવા એ સમાજનું સૌભાગ્ય છે. આનંદ એ વાતનો છે કે આપણને આવા હસતા રમતા કાર્યકર જે નિઃસ્વાર્થ ભાવે અંતિમ શ્વાસ સુધી કામ કરતા રહ્યા તે સરાહનીય છે. સમાજ સદાય તેમનો ઋણિ રહેશે.

**તા. ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૪ - શનિવારનાં રોજ - બપોરના ૪.૦૦ કલાકે ગરવારે ક્લબમાં સમ્મેત શિખર પ્રવાસમાં જોડાનાર પ્રવાસીઓને આવવા ખાસ વિનંતી છે, તે સમયે એર ટિકિટ, ધર્મશાળા, બસ વિગેરે ટિકિટો આપવામાં આવશે તો જરૂરથી પધારવા વિનંતી છે.**

મિત્રો ! આપ સૌનું આવનારું આ ૨૦૨૪નું નવું વર્ષ જીવનમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવે. તનને સ્વસ્થતા આપે અને નવા વર્ષમાં પ્રગતિ કરતાં કરતાં પરસ્પરને ચાહના રહીને સમાજનું ઋણ અદા કરીએ.

ફરી મળીશું વર્ષ ૨૦૨૪ જાન્યુઆરી






## તંત્રી સ્થાનેથી...

# સમય ક્યાં છે ?



**આત્મીય મિત્રો !**

**પ્રણામ**

Wish You All Happy New Year

**૨૦૨૪નું નવું વર્ષ શરૂ થઈ ગયું.** ભારત દેશમાં વિક્રમ સંવત બદલાય છે એની કોઈ નવી નોંધ લેવાતી નથી પરંતુ સમગ્ર વિશ્વના દેશોમાં ક્રિસમસના તહેવાર પછી ન્યૂયર બદલાય. કેલેન્ડરો અને તારીખો બદલાય, ત્યારે ગત વર્ષમાં બનેલી મુખ્ય ઘટનાઓની તવારીખ ઈતિહાસના પાના પર નોંધાઈ જાય છે. આમ દિવાલો પર કે ઘર, ઓફિસના ટેબલો પર નવું કેલેન્ડર પોતાની મહત્વતા દર્શાવીને આપણા દૈનિક જીવનની દિનચર્યા સાથે ગોઠવાઈ જાય છે. ફરીથી રોજનું એક પાનું એક દિવસનું રાજ કરીને કેલેન્ડરથી છૂટે છે. સમયને કયા પોઝનું બટન છે ? એને રિવર્સ ગીયર પણ નથી. આપણાં જીવનની રફતારનો તાળો મળે કે ના મળે એ પહેલાં જ નવું કેલેન્ડર ગોઠવાઈ જાય છે ત્યારે એવું લાગે છે કે, ક્રેડિટ કાર્ડના સ્વાઈપ જેટલી જ ઝડપથી આખું વર્ષ પસાર થઈ જાય અને સમયને કહેવાનું મન થાય છે, 'ઓ સમય ! તું ધીરે ધીરે ચલ !'

**પ્રત્યેક સૂર્યોદય નવું અજવાળુ લેતો આવે છે**
**પ્રત્યેક સૂર્યાસ્ત નવું અંધારું મૂકતો જાય છે.**

**આમ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનો સમય માણસનાં હાથમાંથી સરકી જાય છે.** આપણા માટે તો હાથ પરની ઘડિયાળ હોય કે ઘરમાં દિવાલ પર લગાવેલી આકર્ષક ડિઝાઈનર ઘડિયાળ હોય એજ આપણા સમયનો ચહેરો બની ગયો છે, જે એક વર્તુળ છે એની ગતિ સતત ૧ થી ૧૨ અંકોમાં ઘાણીના બળદની જેમ કર્યા કરે છે. **આ સમયને આપણે સવાર-બપોર, સાંજ-રાત, આજ-કાલના ભાગ પાડીને પકડી રાખીએ છીએ તેની સાથે આપણી દિનચર્યા જોડાયેલી છે. ઘડિયાળમાં મુકેલું એલાર્મ આપણને નિંદ્રામાંથી જગાડી શકે છે.** પણ સમય સાથે ચાલવાની જાગૃતિ ન આપે.

સમય ક્યારેક માણસને સ્પર્શ કર્યા વગર ભોંયભેગો કરે છે અને ભોય પર પડેલાને સ્પર્શ કર્યા વગર ઊભો કરી દે છે. સમયની તાકાત અને તાસીરથી આપણે અજાણ છીએ **મોબાઈલ યુગમાં વોટ્સએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, ટ્વીટર, યુ-ટ્યુબ, મેસેજ જેવી** અનેક વિવિધ એપ જોવા પાછળ જ સમય વેડફાઈ જતો હોય છે. આજની આખી યુવા પેઢી તો એકબીજાને **મેસેજ ફોરવર્ડ અને ડિલિટ** કરવાના વ્યસનમાં સમયની કિંમત ભૂલી ગઈ છે. તેઓને પણ ક્યાં ખબર છે કે સમય ક્યારેય થોભતો નથી અવિરત તેની યાત્રા તો ચાલુ જ રહે છે માણસ દોડીને થાકી જાય પણ સમય થાકતો નથી.

રમતગમતના ખેલાડીઓ હોય કે પરિક્ષા આપવા જનાર વિદ્યાર્થીઓ હોય, ટ્રેન, પ્લેન કે બસમાં આવતાં જતાં બધાને સમયનું માન જાળવવું જ પડે છે. વૈજ્ઞાનિકો હોય કે ડોક્ટરો હોય, ઉદ્યોગપતિઓ હોય કે કોર્પોરેટ કંપનીના હોદ્દેદારો હોય બધા ફરજિયાત સમયની કિંમત આંકે છે. રૂપિયા પૈસા કરતા પણ સમયનું મૂલ્ય અધિક છે. તાતા બિરલા કે અંબાણી, અદાણી જેવા અનેક ઉદ્યોગપતિઓ સમયની ધાર પર ચાલતા શીખી ગયા.

નારાયણ મૂર્તિ કે તેમના પત્ની સુધા મૂર્તિએ સમયની ચાલ સાથે ચાલવાની પ્રેરણા આપી છે. વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની દિનચર્યા સતત સમયની સાથે ગોઠવાયેલી જ રહે છે. તેઓ જાણે છે કે ઘડિયાળમાંથી ખરી ગયેલી ક્ષણોને ફરી પાછી **ઘડિયાળમાં ગોઠવી શકાતી નથી જે માણસ સમયની સાથે ગતિ નથી કરતો, એની કદીયે પ્રગતિ થતી નથી.**

સમયનો બચાવ કરવાના અનેક આધુનિક સાધનો વિજ્ઞાને આજના માનવીને આપ્યા હોવા છતાં કોણ જાણે કેમ **સમયનો અભાવ** એ એની સૌથી મોટી સમસ્યા છે. કોઈની પાસે સમય જ નથી. સમયના અભાવ સાથે બીજી સમસ્યા છે. **સ્થિરતાનો અભાવ.** રોકેટ ગતિએ ભાગતો આજનો માનવી એક જગ્યાએ સ્થિર ચિત્તે બેસી શકતો નથી. સમય અને સ્થિરતાના અભાવ સાથે એની ત્રીજી સમસ્યા છે. **કર્મયોગ અને કાર્યકુશળતાનો અભાવ.** જો પ્રત્યેક માનવી પોતાની કાર્યકુશળતા અને કર્મયોગનો ગુણ અપનાવી લે તો સમય એની સાથે જ રહેશે. ચોથી મહત્વની વાત એ છે કે માનવીની દોટ સ્પર્ધા અને પ્રતિસ્પર્ધા સાથે જ રહી છે તેથી સમયને યોગ્ય રીતે પકડીને તેની સાથે તાલ મિલાવીને જીવન જીવતા આવડતું નથી.

*એક કવિ કહે છે કે, '' કિતના બદલ ગયા હે સમય,*
*ફિર ભી લોગ સમય સે બહાર જી રહે હે,*
*ઔર ખોએ વર્તમાન કી તલાશ કરતે હે।*

ભૂતકાળ પસાર થઈ ગયો છે અને ભવિષ્યકાળને પકડવા જઈશું તો વર્તમાન સરી જશે સારા અને સમજુ માણસ તો એ છે કે જે સમય મળ્યો છે તેનો ઉપયોગ કરીને તે જ સમયને સારો બનાવી દે, તો સમય તેને સત્કારવા સામે પગલે ચાલીને આવશે.

*મિત્રો ! સમય શુરુ હોતા હે અબ... આ સમયને 'તું ધીરે ધીરે ચલ'* ન કહેતા આપણે જ સમયને પકડીને તેની સાથે ચાલીને જીવનમાં સફળતાનો રાજમાર્ગ કંડારીએ.

*''આ જિંદગીને લૂંટવામાં ક્યાં સમય આપ્યો તમે ?*
*તાળુ અહમનું તોડવામાં ક્યાં સમય આપ્યો તમે ?*
*કોઈ વૃદ્ધ, રોગી ને નનામી પણ મળ્યા માર્ગમાં,*
*પણ, બુદ્ધની જેમ જાગવામાં ક્યાં સમય આપ્યો તમે ?*
*સૂરજ ઉગ્યો ને આથમ્યો, જોતાં રહ્યા આખું જીવન*
*પણ તેજ પંડે ઝીલવામાં ક્યાં સમય આપ્યો તમે ?*
*વર્ષા, પવન, સૂરજ, હૃદયનો સ્પર્શ સૌ હાજર હતા,*
*પણ પુષ્પની જેમ ખીલીને, સૌરભ ફેલાવતાં ક્યાં સમય આપ્યો તમે ?*

**અસ્તુ.**

❑ ભારતી બી. શાહ

## માનવતાની મિસાલ, ભારતીય સૈન્યને અભિનંદન

માનવીનું જીવન અમૂલ્ય છે જેમાં કુદરતી આફતો કે અકસ્માતોમાં ફસાયેલા કે ટનલમાં ફસાયેલા ૪૧ મજૂરોને નવજીવનની ભેટ આપનાર માનવતાના મસીહા ભારતીય સૈન્યને અભિનંદન.

વિદેશી ટનલ નિષ્ણાંતોના માર્ગદર્શન હેઠળ બાહોશ અને હિંમતવાન ટીમ તાજેતરમાં ઉત્તરાખંડમાં ચારધામ યાત્રાના પ્રોજેક્ટ્સ માટે બાંધકામ કરનારા મજૂરોને સહી સલામત ૧૭ દિવસ પછી બહાર કાઢી શક્યા. આમ સાહસ અને સંયમનો સૂર્યોદય થતાં જીવન - મરણનો જંગ જીતીને બહાર આવી ગયા તે માત્ર ભારતવાસીઓ માટે જ નહીં પણ વિશ્વના અનેક દેશોએ અભિનંદન પાઠવ્યા તા. ૧૨ નવેમ્બર, ૨૦૨૩ સમગ્ર ભારતની પ્રજા માટે આનંદ અને ખુશીનો દિવસ હતો.

### માનવતાનો દીવો પ્રગટાવીએ

એક હાથ... ભગવાન તરફ...
તેમની આંગળી ઝાલવા !
અને
એક હાથ... ભગવાનના ભક્ત તરફ...
તેમનો હાથ ઝાલવા !
એ જ છે સાચો ધર્મ !
આવો ... માનવતાનો દીવો પ્રગટાવીએ...
પાટણ જૈન સમાજના અનેક સાધર્મિક
પરિવારો આર્થિક રીતે સહાયની અપેક્ષા ધરાવે છે.




### ૨૨ ડિસેમ્બર - નેશનલ મેથેમેટિક્સ ડે (ગણિત દિવસ)

ઘડિયાળના કાંટા સાથે જીવતા માણસના બધા જ દિવસો ગણિતના દિવસ જ બની ગયા છે, માણસ આજે ડગલે ને પગલે ગણિત અને ગણતરીમાં જ અટવાઈ ગયો છે. જીવનનો વ્યવહાર જ સવારથી સાંજ ગણિત પર ચાલે છે.

નફો, ફાયદો, લાભ વિગેરે શબ્દો સાથે જ પ્રેમ છે.

સરવાળો ને ગુણાકાર જ ગમે છે, પણ કુદરતના ગણિત પાસે માનવીનું ગણિત જ શૂન્ય છે તેથી જો સફળતા જોઈતી હોય તો તે ગણિતની ઉપયોગ સમ્યક્ ઉપયોગ કરતાં રહેવું જોઈએ.



## શ્રી પાટણ જૈન મંડળ આયોજિત નૂતન વર્ષ સ્નેહ સમ્મેલન અહેવાલ






તા. ૧૭મી નવેમ્બર,૨૦૨૩ના દિવસે શ્રી પાટણ જૈન મંડળ અને શ્રી મણિલાલ લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ) આયોજિત દિવાળી સ્નેહ સંમેલનનો કાર્યક્રમ સંપન્ન થયો. સાંજે ૪ થી ૭માં ગરવારે ક્લબ હાઉસમાં સમાજના પરિવારો ઉત્સાહ અને ઉમંગથી જોડાયા હતા.

આ સ્નેહ સંમેલનમાં દાતા પરિવારના શ્રી સુનિલભાઈ ગુણવંતલાલ શાહ, શ્રીમતી પારૂબેન સુનિલભાઈ શાહ, શ્રી વિશાલભાઈ સુનિલભાઈ શાહ, શ્રીમતી રાજવી સુનિલભાઈ, શ્રીમતી રિતીકા વરૂણભાઈ અને શ્રી વરૂણભાઈએ હાજરી આપી આ પ્રોગ્રામની શોભા વધારી હતી.

મંડળના પ્રમુખ શ્રી દાનેશભાઈ શાહ તથા ઉપપ્રમુખ અને પ્રોગ્રામ સમિતિના કન્વીનર શ્રી રોહિતભાઈ શાહ, ઉપપ્રમુખ શ્રી હેમંતભાઈ સાલવી, સેક્રેટરી શ્રી હિતેનભાઈ વીમાવાલા, શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહ, ટ્રસ્ટી શ્રી ભરતભાઈ નેમચંદ શાહ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

પ્રોગ્રામની શરૂઆત નવકારમંત્રથી કરવામાં આવી હતી અને થોડાક ગીતો ગાઈને ઉપપ્રમુખ શ્રી રોહિતભાઈએ સહુને આવકાર આપ્યો હતો. બાદ ઉપસ્થિત રહેલ તમામ લોકોને પ્રમુખ શ્રી દાનેશભાઈએ ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાય એવા ડ્રીમ પ્રોજેક્ટ સૌરભ મેડિકલ હેલ્થકેરની ઓપનીંગની એક ઝલક એલ.ઈ.ડી. પર બતાવી હતી. ત્યાં ઉપસ્થિત રહેલ દરેકે દરેક પટ્ટણીઓએ તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધી હતી. ત્યાંરબાદ તાજેતરમાં બહુમતીથી ગરવારેની કમિટીમાં વિજેતા થયેલ આપણા પાટણના મેમ્બરોએ સ્નેહ સમેલનમાં પધારી શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. ગરવારે ક્લબના ઉપપ્રમુખ શ્રી સાઈરસ ગોલીબાર અને ખજાનચી શ્રી મનીષભાઈ અજમેરાએ ચૂંટણી વખતે પટ્ટણીઓના સહકાર બદલ આભાર માન્યો હતો. શ્રી દાનેશભાઈ અને શ્રી રોહિતભાઈએ ફુલોનો ગુલદસ્તો આપી તેમનું અને દાતા પરિવારનું અભિવાદન કર્યું હતું.

આ પ્રસંગે લોકોના મનોરંજન માટે શ્રી ચિરંજીવી અને શ્રીમતી પ્રજ્ઞાએ જુના નવા અને જાણીતા ગુજરાતી ગીતોની સુમધુર સુરાવલી વહેતી કરી હતી.

૬૦૦ થી અધિક પટ્ટણીઓએ ડિનરનો આસ્વાદ માણ્યો હતો. અંતમાં પ્રોગ્રામ સમિતિના સેક્રેટરી શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહે વોટ ઓફ થેન્ક્સ કર્યું હતું અને ''ચલતે ચલતે મેરે યે ગીત યાદ રખના'' કહી પ્રોગ્રામનું સમાપન કર્યું હતું.






















# જીવન સૌરભ સમિતિ દ્વારા આયોજિત સુનહરી યાદે ગીત-સંગીત કાર્યક્રમ અહેવાલ

શ્રી પાટણ જૈન મંડળની સિનિયર સિટીઝન ફોરમ જીવન સૌરભ દ્વારા **શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહના નેજા હેઠળ ''સુનહરી યાદે''** નવા જુના ગીતોનો પ્રોગ્રામ તા. ૩ ડિસેમ્બર, ૨૦૨૩ રવિવાર સવારે ૯ કલાકેથી બિરલા માતુશ્રી સભાગૃહ ખાતે સંપન્ન થયો. સિનિયર સિટીઝનની મેદની ઉમટવા લાગી. બધાને એક સુંદર બોલપેન આપી તથા પરફ્યુમ લગાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. લગભગ સવારે ૧૦ કલાકે **શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહે** નવકારમંત્રનું પઠન કર્યુ તથા જીવન સૌરભના સેક્રેટરી **શ્રી જયેશભાઈ એચ શાહે** ઉપસ્થિત મહેમાનોનું અભિવાદન કરી સ્વાગત કર્યું હતું.


આ પ્રસંગે સ્ટેજ ઉપર **શ્રી પ્રશાંત રાવના** એન્કરીંગ હેઠળ **શ્રી રવિન્દ્ર સિંદે, શ્રી ગોવિંદ મીશ્રા** તથા અન્ય ગાયક કલાકારોએ જુના નવા સુંદર ગીતો ગાઈને લોકોના મન જીતી લીધા હતાં.

કાર્યક્રમના મધ્યાંતરે સિનિયર સિટીઝનોના મુખ ઉપર ઝલકતી ખુશી અને એના થકી તેઓના ઉમટી પડેલા આશીર્વાદના સૌથી પહેલા હકદાર આજના કાર્યક્રમના પુણ્યવંતા સૌજન્ય દાતાશ્રીઓ **શ્રીમતી સુરેખાબેન જશવંતલાલ શાહ, ડૉ. જશવંતલાલ મણિલાલ શાહ, શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ તથા શ્રીમતી કુસુમબેન સનાલાલ શાહ પરિવારનું** મંડળના પ્રમુખ **શ્રી દાનેશભાઈ શાહ, ઉપપ્રમુખ શ્રી હિતેનભાઈ શાહ, જીવન સૌરભના માનદમંત્રી શ્રી જયેશભાઈ હરસુખલાલ શાહ, શ્રી જયેશભાઈ કુમારપાળ શાહ, શ્રી કેતનભાઈ હસમુખલાલ શાહ, શ્રી સુનીલભાઈ શશિકાંત ઝવેરીના** વરદ હસ્તે શાલ તથા પુષ્પગુચ્છ એનાયત કરી અભિવાદન કરવામાં આવ્યું હતું. તેઓની અનુમોદના કરીએ એટલી ઓછી છે.

આ પ્રસંગે મંડળના ઉપપ્રમુખ **શ્રી હિતેનભાઈ** દ્વારા સહુનું ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું અને આ પ્રોગ્રામના દાતા પરિવારોનો આભાર માન્યો હતો. આ પ્રસંગે સને ૨૦૨૨-૨૩ તથા ૨૦૨૩-૨૪ના વર્ષ દરમ્યાન રૂા. આઠ લાખ કે તેથી વધુ રકમનું દાન આપનાર દાતાઓનો અભિવાદન કાર્યક્રમ યોજાયેલ જેનું સંચાલન માનદમંત્રી **શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ** દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ દાતા પરિવારોને સ્ટેજ ઉપર બોલાવી મંડળના પ્રમુખ, ઉપપ્રમુખ, ટ્રસ્ટીઓ, ભૂતપૂર્વ પ્રમુખ ઈત્યાદિના વરદ હસ્તે સૌરભ મેડિકલ સેન્ટર, નૂતન પ્રાથમિક વિદ્યાલય, સમ્મેત શિખરજી યાત્રા પ્રવાસ તથા મંડળની વિવિધ સહાયક પ્રવૃત્તિઓના દાતાઓનું મોમેન્ટો આપી બહુમાન કરવામાં આવ્યું હતું.


આ પ્રસંગે મંડળના પ્રમુખ **શ્રી દાનેશભાઈ,** ઉપપ્રમુખ**શ્રી હેમંતભાઈ** દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું તેમજ **શ્રી રવિભાઈ સેવંતીલાલ શાહ** (ચિતારાની ખડકી) દ્વારા સૌરભ મેડિકલ હેલ્થકેરમાં જનરલ સર્જરી ડીપાર્ટમેન સાથે નામ જોડવાની શરતે સવા કરોડના દાનની જાહેરાત કરવામાં આવી હતી તે બદલ પ્રમુખશ્રી દ્વારા તેમના પરિવારજનોને પુષ્પગુચ્છ એનાયત કરી બહુમાન કરવામાં આવ્યું હતું.

જીવન સૌરભ સમિતિના **શ્રી વિપુલભાઈ વિરેન્દ્રભાઈ નગરશેઠ, શ્રી વિજયભાઈ જશુભાઈ શાહ, શ્રી સુનીલભાઈ રવિન્દ્રભાઈ શાહ, શ્રી રાજેશભાઈ પ્રેમચંદ શાહ, શ્રી દિપકભાઈ પ્રેમચંદ શાહ, શ્રી પ્રકાશભાઈ ભગવાનદાસ શાહ, શ્રી નિલેશભાઈ કાંતિલાલ શાહ, શ્રીમતી પ્રીતીબેન નિલેશભાઈ શાહ, શ્રીમતી શિતલબેન ભાવેશભાઈ શાહ** ઈત્યાદિ દરેકે દરેક સભ્યોએ સાથે મળી આ પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો એ માટે સહુ પ્રત્યે **શ્રી હિતેનભાઈ શાહ** દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતમાં સુંદરાબાઈ હોલમાં સુંદર ભોજનની વ્યવસ્થા રાખવામાં આવી હતી. જેમા લોકોએ સ્વાદિષ્ટ ભોજન માણ્યું હતું. કેટરર્સ **શ્રી જશુભાઈનો** પણ આભાર માન્યો હતો. બિરલા માતુશ્રીના મેનેજર **શ્રી જયેશભાઈનો** આભાર માનવામાં આવ્યો હતો.

















# સુહાના સફર સૌજન્ય દાતા અભિવાદન



શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) પરિવારનું અભિવાદન કરતા મંડળના ઉપપ્રમુખ શ્રી હિતેનભાઈ તથા શ્રીમતી શિલ્પાબેન



ડૉ. જશવંતલાલ મણિલાલ શાહ પરિવારનું અભિવાદન કરતા મંડળના પ્રમુખશ્રી દાનેશભાઈ તથા શ્રીમતી ભાવીનીબેન જનકકુમાર શાહ



શ્રીમતી કુસુમબેન સનાલાલ શાહ પરિવારનું અભિવાદન કરતા જીવન સૌરભના માનદમંત્રીઓ શ્રી જયેશભાઈ, શ્રી કેતનભાઈ, શ્રી સુનીલભાઈ ઝવેરી




મંચસ્થ મહાનુભાવો





ઉપસ્થિત જન મેદની

# શ્રી પાટણ જૈન મંડળ દાતાઓનું અભિવાદન



મરીનડ્રાઈવ સભાગૃહના નામાભિધાન કરનાર દાતાશ્રી રાકેશભાઈ કાંતિલાલ શાહનું અભિવાદન કરતા મંડળના પ્રમુખશ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ



શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહનું અભિવાદન કરતા મંડળના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ



શ્રીમતી રંજનબેન (બચુભાઈ) મહાસુખલાલ શાહનું અભિવાદન કરતા મંડળના ટ્રસ્ટી શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ



શ્રીમતી જશુમતીબેન લલિતચંદ્ર શાહ પરિવારનું અભિવાદન કરતા મંડળના ઉપપ્રમુખ શ્રી રોહિતભાઈ મહાસુખલાલ શાહ



શ્રી વિક્રમભાઈ વરજીવનદાસ શાહ પરિવારનું અભિવાદન કરતા મંડળના ઉપપ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ



શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ પરિવારનું અભિવાદન કરતા મંડળના પ્રમુખશ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ



**શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી પરિવારનું અભિવાદન કરતા મંડળના ઉપપ્રમુખ શ્રી હેમતંભાઈ કાંતિલાલ શાહ**



**શ્રીમતી પુષ્પાબેન હસમુખલાલ શાહ તથા શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ શાહ પરિવારનું અભિવાદન કરતા ઉપપ્રમુખ શ્રી હેમતંભાઈ કાંતિલાલ શાહ**



**બાબુ પનાલાલ પુનમચંદ ચેરીટેબલ ફંડ, બાબુ જીવણલાલ પનાલાલ ટ્રસ્ટ, બાબુ નાનકચંદજી પુરણચંદજી ટ્રસ્ટના ટ્રસ્ટી પરિવારનું અભિવાદન કરતા મંડળા પ્રમુખ શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ અને ઉપપ્રમુખ શ્રી રોહિતભાઈ મહાસુખલાલ શાહ**



શ્રી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) પરિવારનું અભિવાદન કરતા મંડળના ટ્રસ્ટી શ્રી રવિભાઈ સેવંતીલાલ શાહ



સ્વ. શ્રી અતુલભાઈ રસિકલાલ પરિવારનું અભિવાદન
કરતા મંડળા પ્રમુખ શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ



શ્રી મુકેશભાઈ નવીનચંદ્ર શાહનું અભિવાદન કરતા મંડળના
પ્રમુખ શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ



શ્રીમતી સુશીલાબેન રમેશચંદ્ર શાહ (રાજુલાવાળા) પરિવારનું અભિવાદન કરતા મંડળના
પ્રમુખ શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ તથા ભૂતપૂર્વ પ્રમુખ શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ



શ્રીમતી સરલાબેન અરવિંદકુમાર શાહ પરિવારનું અભિવાદન કરતા મંડળના ઉપપ્રમુખ શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ વિમાવાળા



શ્રી પંકજભાઈ નેમચંદ શાહ પરિવારનું અભિવાદન કરતા ટ્રસ્ટી શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી



શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ શાહ પરિવારનું અભિવાદન કરતા મંડળના પ્રમુખશ્રી દાનેશભાઈ તથા ઉપપ્રમુખ શ્રી રોહિતભાઈ શાહ




શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ પરિવાર વતી મોમેન્ટો
સ્વીકારતા શ્રીમતી ઈલાબેન સુરેશભાઈ શાહનું અભિવાદ
કરતા માનદમંત્રી (એડમીન)શ્રી રાજેન્દ્રભાઈ જયતિલાલ શાહ



શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી પરિવારનું અભિવાદન
કરતા મંડળના ટ્રસ્ટી શ્રી રવિભાઈ સેવંતીલાલ શાહ

## સને ૨૨-૨૩ તથા સને ૨૩-૨૪ દરમ્યાન શ્રી પાટણ જૈન મંડળમાં દાન આપનાર દાતાઓ

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી રાકેશભાઈ કાંતિલાલ શાહ | (અમદાવાદ) | ૧.૦૦ કરોડ |
| ૨. | શ્રીમતી પુષ્પાબેન હસમુખલાલ શાહ અને શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ શાહ પરિવાર | (અબજી મહેતાનો પાડો) | ૧.૦૦ કરોડ |
| ૩. | બાબુ પનાલાલ પુનમચંદ તથા અન્ય ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી હર્ષભાઈ પરિવાર | (ખજુરીનો પાડો) | ૭૧ લાખ |
| ૪. | શ્રી નિલેશભાઈ રમેશચંદ્ર ઝવેરી અને શ્રી કલ્પેશભાઈ રમેશચંદ્ર ઝવેરી પરિવાર | (મનમોહનજીની શેરી) | ૬૦ લાખ |
| ૫. | શ્રીમતી જ્યોત્સનાબેન મહેન્દ્રભાઈ શાહ | (કપુરમહેતાનો પાડો) | ૫૦ લાખ |
| ૬. | શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) પરિવાર | (કનાસાનો પાડો) | ૨૭.૭૫ લાખ |
| ૭. | શ્રી મહેન્દ્રભાઈ દેવચંદ સાંડેસરા (યુ.એસ.એ.) | (કેશુશેઠનો પાડો) | ૨૦ લાખ |
| ૮. | શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ | (કનાસાનો પાડો) | ૧૯ લાખ |
| ૯. | શ્રીમતી રંજનબેન (બચુભાઈ) મહાસુખલાલ શાહ | (વાસુપૂજ્યની શેરી) | ૧૪ લાખ |
| ૧૦. | શ્રીમતી કિન્નરીબેન દિપકકુમાર શાહ પરિવાર | (ડંકમહેતાનો પાડો) | ૧૪ લાખ |
| ૧૧. | શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ પરિવાર | (કેશુશેઠનો પાડો) | ૧૩.૫૦ લાખ |
| ૧૨. | શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ | (પોળની શેરી) | ૧૩.૫૦ લાખ |
| ૧૩. | શ્રીમતી ભગવતીબેન કાંતિલાલ સાલવી હ. શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી | (સાલવી વાડો) | ૧૨.૫૦ લાખ |
| ૧૪. | શ્રીમતી સરલાબેન અરવિંદકુમાર બાપુલાલ શાહ હ. શ્રીમતી ભાવીનીબેન જનકકુમાર શાહ | (લખિયારવાડો) | ૧૧.૨૫ લાખ |
| ૧૫. | શ્રી પંકજભાઈ નેમચંદ શાહ | (પોળની શેરી) | ૧૦ લાખ |
| ૧૬. | શ્રીમતી સાધનાબેન મહેન્દ્રકુમાર પોપટલાલ શાહ | (કુંભારીયા પાડો) | ૧૦ લાખ |
| ૧૭. | શ્રીમતી જશુમતીબેન લલિતચંદ્ર સુરજમલ શાહ હ. શ્રીમતી હીનાબેન ચેતનભાઈ શાહ | (ડંકમહેતાનો પાડો) | ૧૦ લાખ |
| ૧૮. | શ્રીમતી પરેશાબેન મહેશભાઈ રમણિકલાલ શાહ | (કપુરમહેતાનો પાડો) | ૧૦ લાખ |
| ૧૯. | ડૉ. વિક્રમભાઈ વરજીવનદાસ શાહ | (ખજુરીનો પાડો) | ૧૦ લાખ |
| ૨૦. | શ્રી મુકેશભાઈ નવિનચંદ્ર શાહ | (શાંતિનાથની પોળ) | ૧૦ લાખ |
| ૨૧. | શ્રીમતી સુશીલાબેન રમેશચંદ્ર શાહ (રાજુલાવાળા) | (વખતજીની શેરી) | ૯.૫૦ લાખ |
| ૨૨. | શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ અંબાલાલ શાહ પરિવાર | (ચિતારાની ખડકી) | ૯ લાખ |
| ૨૩. | શ્રી ભરતભાઈ ચીમનલાલ શાહ | (કુંભારીયા પાડો) | ૯ લાખ |
| ૨૪. | સેવંતીલાલ કાંતિલાલ શાહ પરિવાર | (કુંભારીયા પાડો) | ૯ લાખ |
| ૨૫. | સ્વ. શ્રી અતુલભાઈ રસિકલાલ શાહ | (ડંકમહેતાનો પાડો) | ૯ લાખ |
| ૨૬. | ડૉ. જશવંતલાલ મણિલાલ શાહ | (ભાભાનો પાડો) | ૮.૫૦ લાખ |
| ૨૭. | શ્રીમતી રશ્મિકાબેન ભરતભાઈ શાહ | (ચોધરીની શેરી) | ૮.૨૫ લાખ |

# On the occasion of opening ceremony of Saurabh Medical Center held at 77, Shree Patan Jain Mandal on Friday Dec 1 2023 @7am at Marindrive.



## તમારી જાતને વફાદાર રહો

Every human Being is responsible for himself and no tunder obligation to meet the expectation of others.

**- Firtz perts**

લેખક ફ્રિઝ પર્લ્સ કહે છે, ‘‘તમે તમારી જાતને વફાદાર રહો બીજાની અપેક્ષાને સંતોષવા પોતાના જીવનધોરણને નીચું ના કરો. લોકોને તમારા આંતરીક કલ્યાણની ફિકર હોતી નથી. તમે કંઈ પણ ખરું કે ખોટું આચરણ કરી તેની જવાબદારી કે પરિણામ તમારે જ તોળાવવાના છે એટલે તમારી બાબતમાં નિર્ણય કરવાનો તમને જ અધિકાર છે. બીજાને સારું લાગે તે મુજબ સારું કાર્ય કરવા તમે બંધાયેલા નથી. તમારો  અંતરાત્મા જે કહે તે પ્રમાણે જ કરો બીજાઓની ફિકર કરવાનું છોડી દો. હિંમત રાખીને આગળ વધતા જ રહો. તમારી જાત પ્રત્યેની જવાબદારી એટલી બધી છે કે બીજાની અપેક્ષા પ્રમાણે વર્તન કરવા જેટલો તમારી પાસે સમય જ નથી.

## શ્રી પાટણ જૈન મંડળ આયોજિત દિશા કાર્યશાળામાં ગેટ ટુ ગેધર અહેવાલ

તા. ૨૯ નવેમ્બર થી ૨ ડિસેમ્બર, ૨૦૨૩ - વંદે ભારત ટ્રેન દ્વારા દિશા યાત્રા પ્રવાસ પ્રારંભ થયો હતો. ટ્રેનમાં નાસ્તો આપવામાં આવ્યો હતો. શાંતિગ્રામ અદાણીનું અદ્ભુત દેરાસર છે જેમાં આદેશ્વર દાદાની અલૌકિક પ્રતિમા છે, ત્યાં દર્શન કર્યા અને પાટણ પહોંચ્યા. બીજે દિવસે સવારના શંખેશ્વર તરફ પ્રયાણ થયું શ્રીમતી હીનાબેને બનાવેલા પુજાના કપડામાં બાળકો શોભતા હતા. ત્યાં બાળકોએ પૂજા કરી.

તા. ૩૦મી નવેમ્બરે પુત્ર અંકિતની યાદમાં હીનાબેન અને યશમુખભાઈ તરફથી કેર ફોર હોટલની પાર્ટીમાં બાળકો જુમી ઉઠ્યા. તેમાં શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલયાના આચાર્ય શ્રી બળદેવભાઈ દેસાઈ તથા શ્રી યશવંતભાઈ ઝવેરીએ ઉપસ્થિત રહીને પાર્ટીમાં ચાર ચાંદ લગાવી દીધા. શ્રી યશવંતભાઈએ દિશાને રૂા. ૨૧ હજારની ભેટ આપી. બીજા દિવસે વર્કશોપ પર બાળકોએ ધૂપ કેમ બનાવવી તથા દરેકે ખોયા કોકોનટ ચોકલેટ બોલ જાતે બનાવી અને તેની મિજબાની માણી. તેના પછીના દિવસે ગાંધીનગરથી વંદે ભારતમાં મુંબઈ પરત ફર્યા. આ પ્રવાસ સુંદર અને યાદગાર રહ્યો. બાળકોને આનંદ સાથે નવી નવી વસ્તુ જાણવાનો પણ સુંદર અનુભવ થયો. દાનવીર શ્રી કીર્તિભાઈ તથા ચારુબેનનો ખુબ ખુબ આભાર અને શ્રી પાટણ જૈન મંડળનો હંમેશા સહકાર મળતો રહે છે તે પ્રશંસનિય છે.





## સહજ મળ્યું તે

સહજ મળ્યું તે લીધું, મેં તો સહજ મળ્યું તે લીધું,
ખળખળતા ઝરણાનું પાણી અમરત માની પીધું !
આવળ-બાવળના ફૂલોમાં રૂપ ગુલાબી દોઢા,
વનવગડામાં ભમતા લાગે ચણીબોર પણ મીઠા !
ક્ષણ ક્ષણ જીવને ડંખે એવું કરમ ન એક્કે કીધું,
સહજ મળ્યું તે લીધું, મેં તો સહજ મળ્યું તે લીધું !
ચપટી મળ્યું તે ગજવે ઘાલ્યું, મણની લાલચ છોડી,
આતમને અજવાળે મેં તો ધરમ ધજાયું ખોડી !
આડો-અવળો મારગ મેલી જાવું છે ઘર સીધું,
સહજ મળ્યું તે લીધું, મેં તો સહજ મળ્યું તે લીધું !

———

જે સહજ મળ્યું છે તે કાગળની આ છાબમાં ભરી, વાચકોના કરમાં ભરી દીધું. મને એ બધું સહજ મળ્યું હતું તેવું જ સહજ આપને દીધું.

**‘કુમાર’ માસિકમાંથી**

## ગાગર

મુખે છે બિન્દુ પાણી ગંગાનું
પણ આનંદ અનેરો જાણે ગંગા મળ્યાનો
છે સંતોષ એક જ લાગણી એવી,
જે કદીય ના ઝંખે સર્વસ્વ
સરિતાઓ ઘણી છે જળ મીઠુ ઘણું છે,
પણ જોઈએ માનવીને એક જ ગાગર,
એ ગાગર પણ થાય સાગર સી મોટી,
તૃષ્ણા છીપાવવા માટે માનવની
છે સંતોષી માનવ સદાય સુખી,
યાદ એટલું જ જો એ રાખે
પવાલી પાણીની જ જરૂર છે સદાય
આ જીવન સરગમ માટે....

**શ્રીમતી દક્ષાબેન વિરેન્દ્રભાઈ શાહ**
**(વસાવાડો)**

# સન્માન પત્ર

## શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ

પાટણ જૈન સમાજ માટે સમાજ સેવાના વિવિધ ક્ષેત્રોમાં
કરેલા સુંદર કાર્યો દ્વારા પટણીઓના જીવનમાં સુવાસ
મહેકાવવા તથા **HEALTHY PATTNI WEALTHY PATTNI**ના
જીવન મંત્રને ઉજાગર કરવામાં આપેલ અમૂલ્ય સહયોગ બદલ

**શ્રી પાટણ જૈન મંડળ**

શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ (પ્રથમ ઉપપ્રમુખ)
**PRIDE OF PATAN**ના
બિરૂદથી સન્માનીત કરતાં ગૌરવ અનુભવે છે.

દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)
પ્રમુખ, શ્રી પાટણ જૈન મંડળ
મુંબઈ, તા. ૧૯-૧૨-૨૦૨૩

# શ્રદ્ધા સુમન

**શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહે** સમાજ અને સંસ્થાને અર્પેલ સેવાઓની નોંધ લેતા તા. ૧૯-૧૨-૨૦૨૩ના મળેલ વ્યવસ્થાપક સમિતિની શોકસભામાં શ્રદ્ધાંજલિ અપર્ણ કરી નીચે મુજબનો શોક ઠરાવ કરવામાં આવ્યો.

## શોક ઠરાવ

શ્રી પાટણ જૈન મંડળના પ્રથમ ઉપપ્રમુખ, વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ અને આપણા સહુના લાડકવાયા **શ્રીયુત જનકભાઈ અરવિંદકુમાર શાહ** (લખિયારવાડો)નું તા. ૧૧-૧૨-૨૦૨૩ના ૫૯ વર્ષની નાની વયે થયેલ દુઃખદ અવસાનથી મંડળ અને સમાજે દુઃખ અને તીવ્ર આઘાતની લાગણી અનુભવી છે.

શ્રી જનકભાઈએ શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિમાં સને ૨૦૦૬-૦૭થી જોડાઈ ૧૬ વર્ષ સુધી ઉત્કૃષ્ટ સેવાઓ પ્રદાન કરી એક કર્તવ્યનિષ્ઠ યુવા કાર્યકરનું કામ કર્યું હતું. તેઓશ્રીનો ઉપ પ્રમુખપદે બીરાજમાન થઈ સક્રિયપણે સમાજ ઉપયોગી અનેકવિધ કાર્યો દ્વારા સંસ્થાની પ્રગતિમાં નોંધનીય ફાળો રહ્યો છે.

માત્ર સાડાચાર મહિનામાં મંડળના ગોરેગામ ખાતેના સૌરભ મેડિકલ હેલ્થકેરના સ્વપ્નને સાકાર કરવા શ્રી દાનેશભાઈ તથા શ્રી હેમંતભાઈ સાલવી ની સાથોસાથ તેઓશ્રીનો પણ સિંહફાળો રહ્યો હતો.

મંડળની સમાજ ઉત્કર્ષ અને શિક્ષણ પ્રવૃત્તિના સારથી હોઈ બન્ને પ્રવૃત્તિઓ મારફત સમાજના ખરેખર જરૂરિયાતમંદ અને ઓછી આવક ધરાવતા પરિવારોને શક્યતઃ વધુને વધુ આર્થિક સહાયક થવામાં તેઓ સફળ રહ્યા હતા તેમજ ''જીવન નિર્વાહ સહાય'' યોજના સાકાર કરવામાં તેઓ અગ્રેસર રહ્યા હતા.

શ્રી પાટણ જૈન મંડળની પ્રોગ્રામ તથા જીવન સૌરભ સમિતિના ૬ વર્ષ માનદમંત્રી પદે રહી દાંડિયારાસ તથા વિવિધ મનોરંજન કાર્યક્રમોનો રસાસ્વાદ કરાવવા સાથે સમાજના મુરબ્બીઓ માટેના મોહનખેડા-ભોપાવર યાત્રા તથા આબુ-દેલવાડા-પાવાપુરી યાત્રા પ્રવાસ આયોજનમાં તેમનું યોગદાન ઉલ્લેખનીય રહ્યું હતું.

જીવન મહેક સમિતિમાં ૩ વર્ષ માનદમંત્રી પદે રહી સમાજના અપરિણિત યુવક-યુવતિઓ માટે સ્નેહમિલન તથા વન-ડે પિકનિક જેવા આયોજનો દ્વારા પરસ્પર નજદીક લાવવામાં તેઓ નિમિત્ત રહ્યા હતા.

મંડળની ઈકોનોમિક અપ્લિફ્ટમન્ટ સમિતિમાં રહી પોતાની સુઝબુઝ દ્વારા સમાજના પરિવારોને વ્યાપાર વ્યવસાયને એક સબળ પ્લેટફોર્મ પુરુ પાડવા ટ્રેડફેરના આયોજન અંગે તેઓનું યોગદાન સવિશેષ રહ્યું હતું.

મંડળની સકળ સમાજ માટેની પાલિતાણા તથા શિખરજી યાત્રા પ્રવાસ આયોજન માટે તેઓ પ્રેરણા મૂર્તિ રહ્યા હતા.

સદ્ગતશ્રીના સદાય હસમુખ અને મિલનસાર વ્યક્તિત્વના પરિણામે સ્નેહી, સ્વજનોનું સુવિશાળ વર્તુળ તેઓ ધરાવતા હતા. સરળ સ્વભાવ અને મનની ઉદારતાથી સમાજના એક યુવાધન તરીકે ઉભરી આવ્યા હતા. મૃદુ અને પ્રભાવશાળી મધુર વાણીના પરિણામે બિલકુલ અપરિચિત વ્યક્તિઓ સાથે પણ તાદાત્મ્યતા સાધી સંસ્થા પ્રત્યે નાણાનો પ્રવાહ વાળવામાં તેઓ માહિર હતા. આવા સક્રિય સેવાભાવી સંનિષ્ઠ કાર્યકરના નિધનથી સંસ્થાને કાયમી ખોટ સાલશે.

પરિવારના મોભી સદ્ગત શ્રી જનકભાઈ ના અવસાનથી પરિવારજનોના દુઃખમાં શ્રી પાટણ જૈન મંડળના સર્વે હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, વ્યવસ્થાપક સમિતિના સભ્યો તથા સંસ્થાના કર્મચારીઓ દુઃખની લાગણી અનુભવે છે, અને સાદર ભાવભીની આદરાંજલિ અર્પણ કરે છે.

પરમ કૃપાળુ પરમાત્મા સદ્ગતશ્રીના આત્માને ચિરઃશાંતિ અર્પે એજ પ્રાર્થના.

ઓમ શાંતિઃ






# શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ



જીવન મહેક કાર્યક્રમ



ક્રિકેટ ટુર્નામેન્ટ



નેટર્વકિંગ, એન્ટર્નશીપ અને સ્ટાર્ટ એપ મેન્ટોરશીપ ઈવેન્ટ, તા. ૮મી મે, ૨૦૨૨



લોઢાધામ-મહાવીરધામ જાત્રા તા. ૫મી જુન ૨૦૨૨



લોઢાધામ-મહાવીરધામ જાત્રા તા. ૫મી જુન ૨૦૨૨



સુહાના સફર તા. ૧૨મી જુન ૨૦૨૨



મેડિક્લેઈમ પોલીસી સેમિનાર તા. ૨૪મી જુલાઈ, ૨૦૨૨




શ્રી પોપટલાલ ભીખાચંદ સ્મૃતિ વ્યાખ્યાન તા. ૨૧મી ઓગસ્ટ,૨૦૨૨



ટ્રેડફેરમાં દાતાઓનું અભિવાદન તા. ૧૬મી ઓક્ટોબર,૨૦૨૨



ટ્રેડફેરમાં તા. ૧૬મી ઓક્ટોબર,૨૦૨૨



યુવા-યુવતી પરિચય મિલન તા. ૧૬મી ઓક્ટોબર, ૨૦૨૨



પ્રાથમિક શાળાના મુખ્ય દાતાના વરદ હસ્તે દાનનો ચેક અર્પણ તા. ૧૩મી નવેમ્બર ૨૦૨૨



વ્યવસ્થાપક સમિતિની સભામાં શ્રી વિરાજભાઈ નિગ્નેશકુમાર શાહ (ઘ્ક્ષ્ક્રદ્દદ્મદ્દણ છચઉ) નું બહુમાન તા. ૧૫મી ડિસેમ્બર, ૨૦૨૨



ઈન્ડોર ઓલિમ્પિક ગેમ તા. ૧૭, ૧૮ અને ૨૪મી ડિસેમ્બર, ૨૦૨૨



નૂતન વર્ષ સ્નેહ સમ્મેલન તા. ૫મી નવેમ્બર, ૨૦૨૨



પાલીતાણા યાત્રા પ્રવાસ તા. ૧૦ થી ૧૩મી જાન્યુઆરી, ૨૦૨૩



મેડિકલ કેમ્પ, ભાયંદર તા. ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૩



પાટણ પ્રિમિયર લીગ સીઝન ૬,૨૦૨૩ તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૩



વસતી પત્રક વિમોચન તા. ૯ એપ્રિલ, ૨૦૨૩




દાતા પરિવારનું અભિવાદન તા. ૯ એપ્રિલ, ૨૦૨૩




યુથ એમ્પાવરમેન્ટ કાર્યક્રમ તા. ૧૯ માર્ચ, ૨૦૨૩



સૌરભ મેડિકલ હેલ્થકેર, ગોરેગામ તા. ૧૫ ઓક્ટોબર, ૨૦૨૩





સૌરભ મેડિકલ હેલ્થકેર, ગોરેગામ તા. ૧૫ ઓક્ટોબર, ૨૦૨૩

# શ્રી પાટણ જૈન મંડળ આયોજિત BOX CRICKET નો અહેવાલ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા પાટણના મહિલાઓ તથા પુરુષો માટે **તા. ૨ અને ૩ ડિસેમ્બરે, અમુલખ અમીચંદ ટર્ફ, માટુંગા ખાતે PCL Patan Cricket League Season – 2 Box Cricket રમાઈ હતી.**

તા. ૦૨-૧૨-૨૦૨૩ સવારના ૯.૩૦ કલાકે સંસ્થાના વાઈસ પ્રેસિડન્ટ **શ્રી રોહિતભાઈ,** એડમીન સેક્રેટરી **શ્રી અમીતભાઈ,** સ્પોટ્ર્સ કમિટિના સેક્રેટરી **શ્રી વિનેશભાઈ, શ્રી કમલેશભાઈ, શ્રી પરેશભાઈ** તથા સ્પોટ્ર્સ કમિટિના સભ્યો **શ્રી મીતેશભાઈ, શ્રી પરાગભાઈ, શ્રી ચીરાગભાઈ, શ્રી નિલેશભાઈ** હાજર રહ્યા હતા.

**શ્રી રોહિતભાઈના** પરમ મિત્ર અમુલખ અમીચંદ સ્કુલના ટ્રસ્ટી **શ્રી રાજેનભાઈ પરીખના** સાથ અને સહકારથી આ ઈવેન્ટ ખૂબ જ સારી રીતે પરીપૂર્ણ થઈ હતી. **શ્રી રોહિતભાઈએ** તેમજ સ્પોટ્ર્સ કમિટિના સભ્યોએ **શ્રી રાજેનભાઈ** પરીખનો ખૂબ આભાર માન્યો હતો.

શ્રી પાટણ જૈન મંડળના ઉપરોક્ત હોદ્દેદારોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું તથા **શ્રી રોહિતભાઈના** હસ્તે શ્રીફળ વધેરીને તેમજ બધા ભેગા મળી રાષ્ટ્રીય ગીત ગાઈને મેચની શરૂઆત કરી હતી.

આ બોક્ષ ક્રિકેટ મેચમાં **પુરુષોની ૧૪ ટીમ તથા મહિલાઓની ૩ ટીમ હતી.** પુરુષોની ૧૪ ટીમોને ૭-૭ ટીમના બે ગ્રુપ બનાવી ક્રિકેટ રમાડવામાં આવી હતી.

તા. ૩-૧૨-૨૦૨૩ના દિને ક્વોટર ફાઈનલ, સેમી ફાઈનલ તેમજ ફાઈનલ મેચ રમાઈ હતી. પુરુષોની ફાઈનલ મેચ **Rising Stars** અને **ACE Warriours** વચ્ચે રમાઈ હતી. ફાઈનલ મેચ ૩ મેચની રાખવામાં આવી હતી બન્ને ટીમો વચ્ચે ૧-૧ મેચ જીતી હતી. ત્રીજી મેચ બહુજ રસાકસી ભરી રમાઈ હતી અને છેલ્લે **ACE Warriours** ની ટીમે ફાઈનલ જીત મેળવી હતી.

મહિલાઓની ફાઈનલ મેચ **Rising Stars** અને **Pitch Samshers** વચ્ચે રમાઈ હતી. ફાઈનલ મેચ બહુ જ Interesting થઈ હતી. છેલ્લે **Rising Starsનો વિજય** થયો હતો.

બોક્ષ ક્રિકેટમાં **જર્સી સ્પોન્સરર શ્રી દાનેશભાઈ માટલીવાલા • ટ્રોફી સ્પોન્સરર પી. રોહીતકુમાર એન્ડ કુ. તેમજ બોલ સ્પોન્સર્સ • શ્રી દિનેશભાઈ શાહ Micron Platers** રહ્યા હતા. આ ત્રણે દાતાઓનું મોમેન્ટો આપી અભિવાદન કરવામાં આવ્યું હતું અને ખૂબ ખૂબ આભાર માન્યો હતો.

**મંડળના પ્રમુખ શ્રી દાનેશભાઈ મંડળના વાઈસ પ્રેસિડન્ટ શ્રી રોહીતભાઈ તેમજ શ્રી દિનેશભાઈના હસ્તે વિજેતા ટીમોને અને રનર અપ ટીમને ટ્રોફી તેમજ મેડલો આપવામાં આવ્યા હતા. પુરુષોની વિજેતા ટીમ ACE Warriours ને રૂા. ૨૦,૦૦૦/- તેમજ રનર્સ અપ ટીમ Star Warriours ને રૂા. ૧૦,૦૦૦/-નો ચેક આપવામાં આવ્યો હતો અને મહિલાઓની વિજેતા ટીમ Star Warriours ને રૂા. ૧૦,૦૦૦/-નો ચેક આપવામાં આવ્યો હતો.**

દરેક ટીમોના ઓનરોને પણ મોમેન્ટો આપી બહુમાન કરવામાં આવ્યું હતું.

બન્ને દિવસ સવારના નાસ્તો, લંચ, હાઈટી તેમજ ડિનરનો સ્વાદ બધાજ ખેલાડીઓએ માણ્યો હતો.






micron
PCL













PITCH SMASHERS






PATAN CRICKET LEAUGE
SEASON - 2
CHAMPIONS


PATAN CRICKET LEAUGE
SEASON - 2
RUNNERS-UP










WE ARE THE
CHAMPIONS


PATAN CRICKET LEAUGE




PCL
micron
ACE WARRIORS


micron
PCL
SPORTS CO


PR
micron
PCL
SPORTS COMMIT
SPORTS COMMITTEE


PR
PCL
micron
Since 1996


PR
micron
PCL
SPORTS COMM
PITCH SMASHERS


PR
micron
PCL




## Shree Patan Jain Mandal
## Saurabh Medical Health Care
## (Goregaon)

### We Welcome Donors for the following Department

| | | | |
|---|---|---|---|
| 19. | X-ray | ... | 1.25 Cr |
| 20. | Physiotherapy | ... | 1.25 Cr |
| 21. | Dental | ... | 1.00 Cr |
| 22. | ENT | ... | 1.00 Cr |
| 23. | Pediatric | ... | 1.00 Cr |
| 24. | Dermatology | ... | 0.50 Cr |
| 25. | Homeopathy | ... | 0.50 Cr |
| 26. | Internal Medicine | ... | 0.50 Cr |
| 27. | Ayurvedic | ... | 0.50 Cr |
| 28. | Diabetic | ... | 0.50 Cr |

**CONTACT FOR DONATION**

Shri Daneshbhai Vinodchandra Shah
Mo. 9930891985
Shri Hemantbhai Kantilal Salvi
Mo. 9820048367
Shri Janakbhai Arvindkumar Shah
Mo. 9820064668

## શ્રી પાટણ જૈન મંડળ

## સૌરભ મેડિકલ હેલ્થ કેર દાન યોજના

| Donors Name | Details | Cost Amt. |
|---|---|---|
| | **MAIN DONOR OF PROJECT** | |
| Smt. Arunaben Babulal Chhotalal Shah | | 5.25 Cr |
| | **CO. DONOR OF PROJECT** | |
| Smt. Pannaben Kapoorchand Sonawala | | 4.00 Cr |
| | **2000 Sq.Ft PROPERTY (Approx Rs. 5.50 Cr)** | |
| Shri Ashokbhai & Shri Niranjanbhai Popatlal Shah | | |
| | **CARDIOLOGY DEPARTMENT** | |
| Smt. Vasantben Champaklal Manilal Jhaveri | | 2.50 Cr |
| Haste: Shri Bhupendrabhai, Shri Mukeshbhai, Shri Dhananjaybhai Champaklal Jhaveri | | |
| | **PATHOLOGY DEPARTMENT** | |
| Smt. Bhagvatiben Vinodchandra Shah (Matliwala) | | 1.50 Cr |
| | **SONOGRAPHY DEPARTMENT** | |
| Smt. Geminiben Hemantbhai Kantilal Salvi | | 1.25 Cr |
| | **DIALYSIS CENTRE** | |
| Shri Shantilal Nagindas Shah (Shubh Trust) | | 1.25 Cr |
| | **GENERAL SURGERY** | |
| Smt. Vasumatiben Sevantilal Ambalal Shah | | 1.25 Cr |
| | **OPHTHALMOLOGY** | |
| Smt. Pushpaben Hasmukhbhai Shah Parivar and Smt. Shilpaben Prakashbhai Shah Parivar | | 1 Cr |
| | **ORTHOPEDIC CENTRE** | |
| Shri Nilesh Rameshchandra Chhabildas Jhaveri Parivar and Shri Kalpeshbhai Rameshchandra Chhabildas Jhaveri | | 50 Lc |
| | **GYNECOLOGY CENTRE** | |
| Smt. Jyotsnaben Mahendrabhai Shah | | 50 Lc |
| Haste: Smt. Kanalben Hiteshbhai Shah, Shri Hiteshbhai Mahendrabhai Shah | | |
| | **SADHU BHAGWANT ROOM** | |
| ❋ Smt. Neelaben Ashokbhai Popatlal Shah | | 50 Lc |
| | **SADHVIJI BHAGWANT ROOM** | |
| ❋ Smt. Rashmikaben Niranjanbhai Popatlal Shah | | 50 Lc |
| | **MAMMOGRAPHY** | |
| ❋ Smt. Bhartiben Yashwantbhai Harilal Jhaveri | | 50 Lc |
| | **GENERAL CONSULTING** | |
| ❋ Smt. Sudhaben Dineshbhai Shantilal Shah Parivar | | 50 Lc |
| | **DR. REPORTING ROOM** | |
| ❋ Smt. Bhanuben Sureshchandra Himatlal Shah | | 25 Lc |
| Haste: Miteshbhai-Ajishaben, Himansubhai-Jalpaben, Jigarbhai-Reenaben | | |
| | **WAITING AREA** | |
| ❋ Shri Shirishbhai Mafatlal Zaveri | | |
| Haste: Smt. Vil asben Shirishbhai Zaveri Parivar | | 25 Lc |
| | **RECEPTION ROOM** | |
| ❋ Prince Devlopar Dharmeshbhai Ramcharan Pandit (Goregaon) | | 25 Lc |
| | **CONFERENCE ROOM** | |
| ❋ Smt. Madhuben Vardhamanbhai Nagindas Sandesara | | 25 Lc |
| | **OPG SECTION** | |
| ❋ Smt. Pravinaben Mahendrabhai Sandesara | | 25 Lc |
| Haste: Shri Sonirbhai Mahendrabhai Sandesara | | |

NEWLY OPENED AT GOREGAON

SMHC

# SAURABH MEDICAL HEALTH CARE

Managed by : **Shree Patan Jain Mandal**

101-201, Prem Tower-A, 8, Jawahar Nagar, Opp. Goregaon Police Station, S.V. Road, Goregaon (West), Mumbai-400104.
Tel. : 022-31774129 • Mob. : 8369844115 • Email : smhc@patanmandal.org

## Your Health is our Priority

BLOOD TEST PACKAGE
AT MOST REASONABLE RATES

ALL PATHOLOGY TEST BY BECKMAN COULTER (WORLD BEST MACHINE)

INAUGURAL OFFER · Inaugural Offer · INAUGURAL OFFER

### Silver Package

**Rs.810/-**

~~Rs. 1890/-~~

- CBC & ESR
- HbA1c
- Blood Sugar (Fasting/PP)
- Lipid Profile
- Liver Profile
- Kidney Profile
- Urine Routine

**72 Parameters**

### Golden Package

**Rs.1260/-**

~~Rs. 3060/-~~

- CBC & ESR
- Blood Sugar (Fasting/PP)
- HbA1c
- Thyroid Profile
- Lipid Profile
- Liver Profile
- Kidney Profile
- Urine Routine
- Calcium
- Vitamin D3
- Vitamin B12

**77 Parameters**

### Platinum Package

**Rs.1710/-**

~~Rs. 5580/-~~

- CBC & ESR
- Blood Sugar (Fasting/PP)
- HbA1c
- Thyroid Profile
- Lipid Profile
- Liver Profile
- Kidney Profile
- Urine Routine
- Calcium
- Vitamin D3
- Vitamin B12
- PSA (For Male)
- CA 125 (For Female)
- Iron Studies
- LDH
- CPK
- CRP

**83 Parameters**

### Specialize Test

- 3D-4D Sonography-USG
- Colour Doppler
- ECG
- 2D Echo
- Stress Test
- Pathology - Blood Test
- Digital X-Ray
- Dental OPG
- Audiology & Speech Therapy
- PFT
- PAP Smear
- MRI
- CT Scan

**All individual Blood Test also done here.**

### Our Blood Collection Centres

**• Marine Drive •**
77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.
Time : 7.00 am to 2.00 pm • Mob.: 9653696691

**• Borivali (E)** Start from January 2024 •
Patan Jain Mandal Housing Complex,
A/23-1, Ratan Nagar, D.N. Dube Marg,
Borivali (E), Mumbai-400068.
Time : 7.00 am to 2.00 pm • Mob.: 9321361110

**• Bhayander (W) •**
Shree Patan Jain Mandal, Siddharth Co-op. Hou. Soc.,
Patanwala Building, Shivsena Gally,
J.H. Poddar School Marg, Bhayander (W), 401101.
Time : 7.00 am to 2.00 pm • Mob.: 7208520307

## Our Medical Services

### Diagnostic Departments

- Pathology
- Sonography
- X-Ray
- Dental
- Cardiology
- Ophthalmology

### All Consulting Departments

- ENT
- Dermatology
- Orthopaedic
- Physiotherapy
- Diabetology
- Internal Medicine
- Chest Medicine
- General Surgery
- Paediatric
- Gynaecology
- Nephrology
- General Consulting
- Oncology
- Homeopathy
- Ayurvedic

**More than 40 Doctors Attending in OPD**



## Sonography

Wipro GE Healthcare

- Advanced 3D & 4D Sonography
- Sono Mammography
- Colour Doppler
- High Resolution Ultrasound
- 2D Echocardiography
- Thyroid Sonography



## Pathology

- World's Best, Quality and latest machines.
- Testing accuracy is very high
- Fully Automatic Analyzer, No chances of human error.
- Managing high work load & sample processing is very fast.





## Cardiology

- Having World's best leading ECG Machine – Wipro GE Healthcare
- Well Modern & Specious Cardiac Department
- Well experienced Cardiologist

## Ophthalmology

- All types of ophthalmic consulting & treatments
- Complete Eye check-up through specialized world's best TOPCON machines






## Digital X-RAY

- All Routine X-Ray with latest Technology
- Latest CR system through Fuji Film (JAPANI's leading X-Ray Technology)
- Latest Dental OPG X-Ray Machine
- Well experienced & trained Technician Team

## Dental

- All Dental treatments & procedure will be performed
- All Specialized dental treatment like Orthodontics, Periodontics, Pedodontics, Oral Surgery, Implantology & Prosthodontics
- Having all well experienced & qualified Dentist Team



101-201, Prem Tower-A, 8, Jawahar Nagar, Opp. Goregaon Police Station, S.V. Road, Goregaon (W), Mumbai-400104.
Tel. : 022-31774129 • Mob. : 8369844115 • Email : smhc@patanmandal.org

Shree Patan Jain Mandal

# SHREE PATAN JAIN MANDAL
# PATAN INDOOR OLYMPICS 2023

TITLE SPONSOR

THE ROYALEUM ATELIER

તા. ૩૦ સપ્ટેમ્બર, ૨ અને ૭ ઓક્ટોબર, ૨૦૨૩નાં NSCI Club ખાતે યુનીક Olympics રમતોત્સવ શાનદાર રીતે યોજાયો હતો.

સ્પોટ્ર્સ સમિતિ દ્વારા ખુબજ મોટા પાયે અને સફળતા પૂર્વક યોજાયેલ આ રમતોત્સવમાં **બેડમિન્ટન, કેરમ, ટેબલ ટેનીસ, ચેસ** જેવી રમતોમાં ૭ વર્ષથી ૮૩ વર્ષ સુધીના ૧૫૦ થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

ઉપરોક્ત ગેમ્સના મેન સ્પોન્સરર The Royaleum Atelier જર્સીના સ્પોન્સરર શ્રી દાનેશભાઈ માટલીવાળા તેમજ ટ્રોફીના સ્પોન્સરર પી. રોહિતકુમાર એન્ડ કુ. નો અમે ખૂબ આભાર માનીએ છીએ.

વિજેતાઓને ટ્રોફી The Royaleum Atelier ના ઓનર **શ્રી ધવલભાઈ** તેમના પત્ની **શ્રીમતી હેતલબેન** શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખ શ્રી દાનેશભાઈ માટલીવાળા તેમજ મંડળના ઉપપ્રમુખ **શ્રી રોહિતભાઈના** હસ્તે આપવામાં આવ્યા હત્તા.

સ્પોટ્ર્સ સમિતિના સેક્રેટરીઓ **શ્રી વિનેશભાઈ, શ્રી કમલેશભાઈ, શ્રી પરેશભાઈ** તેમજ સ્પોટ્ર્સ સમિતિના સભ્યો **શ્રી મીતેશભાઈ, શ્રી પરાગભાઈ, શ્રી ચીરાગભાઈ, શ્રી નીલેશભાઈ, શ્રી કેતનભાઈ, શ્રી જીનેનભાઈ, શ્રી દર્શનભાઈ, શ્રી રાજુભાઈ તેમજ શ્રી દેવાંગભાઈના** સખત મહેનતથી આ ઈવેન્ટ શક્ય બની હતી.

છેલ્લે **શ્રી રોહિતભાઈએ** બધાનો આભાર માન્યો હતો.










SHREE PATAN JAIN M

SHREE PATAN JAIN MANDAL

PATAN INDOOR OLYMPICS 2023
CHAMPIONS

SHREE PATAN JAIN MANDAL

PATAN INDOOR OLYMPICS 2023
CHAMPIONS


PATAN INDOOR OLYMPICS 202
CHAMPIO

SHREE PATAN JAIN MANDAL
PATAN INDOOR OLYMPICS 2023
RUNNER UP

SHREE PATAN JAIN MANDAL
PATAN INDOOR OLYMPICS 2023
RUNNER UP

# ગુણાનુવાદ સભા

*ગચ્છાધિપતિ પૂજ્યપદ આચાર્ય દેવશ્રી,*
*જયઘોષસૂરીશ્વરજી મહારાજનો જયઘોષ જગતમાં સદા ગાજતો રહેશે....*



કરૂણામૂર્તિ પ્રભુવીરને નિર્વાણ પામ્યાને ૨૫૫૦ વર્ષ થઈ ગયા. તે છતાં પણ જૈન શાસનની જ્યોત આજે પણ અવિચ્છિન્નપણે ઝળહળી રહી છે તેનું મુખ્ય કારણ છે ઉજ્જવળ શ્રમણ પરંપરા... આજ સુધીમાં અનેકાનેક પ્રભાવક ગુરુભગવંતોએ પોતાના ચારિત્રબળ, તપોબળ, સત્વબળ, પૂણ્યબળ અને જ્ઞાન ઐશ્વર્યથી શાસનધુરાને આગળ ધપાવી છે.

આ પાવન પરંપરામાં પ્રભુવીરની ૭૮મી પાટે શ્રી સિદ્ધાંત દિવાકર ગીતાર્થ મૂર્ધન્ય આ દેવશ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા. થયા. તા. ૨૮ નવેમ્બર, ૨૦૨૩, કારતક વદ ૧, મંગળવારે સવારે ૯.૩૦ કલાકે વિલેપાર્લા (વે) શ્રી ચંદ્રપ્રભ આરાધના ભવન ખાતે, વિલેપાર્લા (વે)માં રહેતાં સમગ્ર પાટણના વતનીઓ તરફથી પૂજ્યશ્રીની ૪ થી સ્વર્ગારોહણ નિમિત્તે તેમના ગુણાનુવાદ સભાનું આયોજન પન્યાસ શ્રી કૃપારત્નશ્રીજી મહારાજ સાહેબના સાનિધ્યમાં કરવામાં આવ્યું હતું તથા તે નિમિત્તે મુળનાયક દાદા શ્રી ચંદ્રપ્રભસ્વામી આદિ જિનપ્રતિમાઓની ભવ્ય આંગી, પ્રભાવના, આયંબિલ વિગેરે વિગેરે ધર્મારાધનાનો લાભ લીધો હતો.

૧૦૮ જિનાલયોથી શોભતી કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના પદાર્પણથી પાવન થયેલી ગુજરાતની તીર્થભૂમિ પાટણ નિવાસી મફતભાઈ અને કાંતાબેનની કુક્ષીએ આ અત્યંત તેજસ્વી આત્માનો જન્મ વિ.સ. ૧૯૯૨ અષાઢ વદ બીજના રોજ થયો હતો. તેમનું નામ જવાહર રાખવામાં આવ્યું હતું. માત્ર નવ વર્ષની ઉંમરે તેમને માતાનો વિયોગ થયો હતો. પિતા મફતભાઈ જવાહરને લઈને મુંબઈ ખાતે તેમની માસીને ત્યાં ભુલેશ્વરમાં આવી ગયા હતા. બાળપણથી જ જવાહરને દેવ-ગુરુ ખુબ ગમતા. તેઓને જોઈને રાજી રાજી થઈ જતા. માસી તેમને લાલબાગના ઉપાશ્રયમાં સાથે લઈને જતા. તે સમયે પૂ. દાદા ગુરુદેવ ભુવનભાનુસૂરીજીની નજર જવાહર પર પડી હતી. તે જવાહરનું હીર જાણીને સમજી ગયા હતા કે આ બાળક જૈન શાસનનું ઝળકતું જવાહર બનશે ધીમે ધીમે કર્મસત્તાના ઝાટકાને લીધે અને ગુરુભગવંતની વૈરાગ્ય નીતરતી દેશના શ્રવણ કરતા કરતાં આત્મકલ્યાણની ભાવના દ્રઢ બની હતી અને સંસાર પ્રત્યેની આસક્તિનું ઝેર અંતરમાંથી નીકળી ગયું હતું.

માત્ર ૧૪ વર્ષની ઉંમર થતાં પાટણની ધન્યધરા, ધર્મનગરીના સંસ્કારે પ્રવજ્યા અંગીકાર કરવાનો સંકલ્પ કર્યો. પુણ્યાનુંબંધી પુણ્યના પ્રતાપે પિતા-પુત્રએ સાથે દીક્ષા લીધી સંયમ ગ્રહણ કર્યો. પિતા મફતલાલ ધર્મઘોષના નામે મુનિ બન્યા અને બાળ જવાહર જયઘોષના નામે મુનિ બન્યા. વિ.સં. ૨૦૦૬માં દીક્ષા ગ્રહણ કર્યાબાદ તરત જ ગિરિરાજ શત્રુંજય અને ગુરુરાજ પૂ. પ્રેમસૂરિદાદાને ભેટવા પાલીતાણા તરફ વિહાર કર્યો. બાળ વય હોવાથી મુનિ જયઘોષ વિજયને સૂત્રો, ગાથા ગોખવામાં રસ ઓછો પડતો, દીક્ષાના ત્રણ વર્ષમાં સંસ્કૃત બુક તૈયાર કરવા સાતવાર પ્રયત્ન કર્યા પણ સફળ ન થયા.

એકવાર પૂ. પ્રેમસૂરિદાદાએ મુનિ જયઘોષ વિજયજીને અંતરના આશિષપૂર્વક રાયપસેણીય ગ્રંથ વાંચવા આપ્યો ગ્રંથ વાંચી ગયા. અક્ષરબોધ થયો પણ અર્થબોધ ન થયો, પરંતુ ગુરુસમર્પણની માસ્ટર કી થી તીવ્રક્ષયોપસમ થયો. હવે સ્વાધ્યાય કરવા માટે મનથી તડપ જાગી. સેવા યોગની સાથે સ્વાધ્યાયરૂચિ વધવા લાગી. દિવાલની સામે મુખ કરીને આગમના ઊંડાણમાં મહાલવા લાગ્યા. પ્રશ્નગ્રંથથી પ્રારંભ કરેલી જ્ઞાનયાત્રા ૪૫ આગમના સાંગોપાંગ અભ્યાસ સુધી પહોંચી ગઈ. ત્યારે તેમની ઉંમર ૨૦ વર્ષની અને ૬ વર્ષનો દીક્ષા પર્યાય હતો.

વિ. સંવત ૨૦૨૧ના પદકમા પૂ. પ્રેમસૂરિદાદાએ ભાવી ગચ્છાધિપતિ તરીકે નિર્દિષ્ટ કરેલ ત્યારે તેમની ઉંમર ૨૯ વર્ષની અને દીક્ષા પર્યાય ૧૫ વર્ષનો હતો. પ્રશ્નો શાસનના હોય કે શાસ્ત્રોના હોય મુનિ જયઘોષવિજયજીની સલાહ લેવાતી. તેમની પૂર્વધરોની યાદ અપાવે તેવી પરિકર્મિત પ્રજ્ઞાને જોઈને પૂ. આ. ભુવનભાનુસૂરીજીએ વિ.સં. ૨૦૪૦ મહાસુદ ૧૩ના રોજ જલગાંવ ખાતે સિદ્ધાંત દિવાકર પદવીથી અલંકૃત કર્યા સમસ્ત તપાગચ્છમાં સૌથી વધુ શ્રમણોના નેતા બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હોવા છતાંય તેમનામાં અહંકારનો અંશ માત્ર નહોતો. વિ.સ. ૨૦૪૯માં પૂ. પ્રેમ ભુવનભાનુ સમુદાયનું સુકાન આ કુશળ શિલ્પીના હાથમાં આવ્યું.


યુવા-યુવતિઓને શાસન સાથે જોડવા મુનિ ઉદય વલ્લભ વિજયજીને પી.વી.સી. શિબિર કરવાની પ્રેરણા કરી અને પૂ. શાસન પ્રભાવક આ. રત્નસુંદરસૂરિજી મહારાજને સેક્સ એજ્યુકેશનનો વિરોધ કરવા દિલ્લી જવાની આજ્ઞા કરી. ભલે જૈન શાસનમાં અનેક પ્રકારના અલગ અલગ સંઘો થયા. પરંતુ પૂ. જયઘોષસૂરી પાસે જે પણ કોઈ સંઘના શ્રાવકો/શ્રાવિકાઓ કે મુનિ ભગવંતો પ્રશ્નો લઈને આવે તો પણ પૂ. જયઘોસૂરીજી કોઈપણ મનદુઃખ કે ક્લેશ ન થાય તે ધ્યાનમાં રાખીને સમાધાન કરી આપતા તેમનું શ્રમણ વાત્સલ્ય અને સંઘ વાત્સલ્ય ગજબનું હતું. તેઓ દરેક જૈન પંથોના સાધુ-સાધ્વીજીમાં પંચપરમેષ્ઠિના દર્શન કરતા હતા. ખૂબ જ વિનમ્ર અને સાલસ સ્વભાવ હોવાના કારણે સકલ જૈન

સમુદાયમાં તેઓ પ્રિય હતા. મુલુંડ, ઝવેર રોડમાં ૧૨૨૪ તપસ્વીઓ સિદ્ધિતપમાં જોડાઈને રેકોર્ડ બ્રેક કર્યો હતો.

દરેક તપસ્વીઓ પૂજ્યશ્રી પાસે જ પચ્ચક્ખાણ અને વાસક્ષેપનો આગ્રહ રાખતા તેઓ કહેતા, આ સંઘના સભ્યો ઉપર વાસક્ષેપ કરીએ તો એમની ભાવવૃદ્ધિમાં અનુકૂળ બનીએ તો આપણું સમ્યગ્દર્શન નિર્મળ બને. આવા મહાન સંઘની પૂજા કરવાનો અવસર ક્યારે મળે ? આટલું બોલતા બોલતા આંખમાંથી અશ્રુ વહી જતાં.

૨૭ વર્ષ સુધી ગચ્છાધિપતિ પદે રહીને વિશાળ સાધુ-સમુદાયનું અદ્ભુત યોગક્ષેમ કર્યું. ૨૦૦ શ્રમણોથી લઈને ૬૧૩ શ્રમણો સુધી સંખ્યા પહોંચી તેમાં પૂજ્યશ્રીનો પુણ્યપ્રભાવ કાર્યરત હતો. જીવનના અંત સુધી સંઘ-શાસનની ઉન્નતિ માટે સખત-સરસ-સતત પ્રયત્નો કર્યા હતા. શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરિ સમુદાયની જવાબદારી પૂ. પ્રશાન્તમૂર્તિ આચાર્ય ભગવંત રાજેન્દ્રસૂરિજી મહારાજને સોંપી ચાર વર્ષ પૂર્વે અમદાવાદ મુકામે સમાધિમરણ પ્રાપ્ત કર્યું.

આ મહાન શાસન નાયકના ચરણોમાં નત્ મસ્તકે
અનંત અનંત વંદના...



**સંકલન : ભારતી બી. શાહ**
**વિલેપાર્લા (વે), પાટણના રહીશો તરફથી**

## ગુજરાતના પનોતા પુત્ર સરસ્વતી પુત્ર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સા.ની ૩૩૭મી સ્વર્ગારોહણ તિથી

### ''ઉત્તમ ગુણ ગાવતા ગુણ આવે નિજ સંગ........''

મહા પુરુષોના ગુણોનું કિર્તન કરવાથી આપણા જીવનમાં પણ ગુણ સમૃદ્ધિ દોડતી આવે છે તેવા જૈન શાસનમાં જે મહા પુરુષનું નામ સુવર્ણ અક્ષરે લખાયું છે, જેઓએ વિ.સં. ૧૬૭૮માં સેકડો જિનાલયોથી મંડિત ગુજરાતની પાટણ નગરની સમીપે કનોડા ગામમાં સૌભાગ્ય દેવી માતાની કુક્ષીથી જન્મ લીધો તેવા ન્યાય વિશારદ, અત્યંત મેધાવી, સરસ્વતી પુત્ર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સા. વિ.સં. ૧૬૮૮માં પાટણની ભૂમિમાં સકળ સંઘ સમક્ષ ૧૦ વર્ષની ઉંમરે બાળ જશવંતમાંથી દીક્ષા લઈને મુનિ યશોવિજયજી બન્યા.

વિ.સં. ૧૭૪૪ના મૌન એકાદશી પર્વના પવિત્ર દિવસે ડભોઈ ખાતે પરમાત્મા શ્રી લોઢણ પાર્શ્વનાથની પાવન છાયામાં ૩૩૭મી સ્વર્ગારોહણ તિથી એ અનંત અનંત વંદનાવલી.

## ''સા વિદ્યા માં વિમુક્ત્યે''

વારાણસી નગરીમાં વિદ્વાનોની સભા ચાલતી હતી, તે સમયે અનેક સભાઓને જીતીને એક દિગવિજયી પંડિત એ દિવસે વારાણસીમાં વિદ્વાનો સાથે જ્ઞાનચર્ચા કરવા સભામાં ઉપસ્થિત થયા. પંડિતની આગળ પાંચસો તો વિજય ધ્વજ હતા. સભા ભરાઈ હતી, ઘણા દિવસો સુધી શબ્દોરૂપી મેઘમાળીની જેમ વાદ-વિવાદની ઝડી વરસતી રહી. કાર્તિકી પૂર્ણિમાના દિવસે આ સભાનો અંત આવ્યો અને દિગવિજયી પંડિતે સિંહગર્જના કરી બધાનું મસ્તક શરમથી નમી ગયું. પંડિત બોલ્યા કે; ''હજુ કોઈ બાકી હોય તો આવો આગળ અને જો વિજય મેળવશો તો એના ચરણોમાં આ પાંચસો વિજયીધ્વજ અર્પણ કરીને મસ્તક નમાવું.

એક યુવાને આ ઘોષણા ઝીલી લીધી તુષાર ધવલા માતા સરસ્વતી એના મુખ પર આશીર્વાદ વરસાવી રહ્યા અને એ યુવાનના મુખમાંથી જ્ઞાનના તેજથી ઝળહળતી અકાટ્ય દલીલો પ્રગટવા લાગી. એ યુવાને વિજય મેળવ્યો ત્યારે સહુને ખબર પડી કે આ તો ગુજરાતમાંથી અભ્યાસ કરવા આવેલા ઉપાધ્યાય શ્રી યશોવિજયજી હતા.

મહાસભાએ પ્રસન્ન થઈને એમને ન્યાય વિશારદનું બિરૂદ આપ્યું. વિજય મેળવી ગર્વથી ઉન્નત મસ્તકે ગુર્જરભૂમિમાં પધાર્યા. વિદ્યાના ગૌરવ સાથે વિદ્વતાનો ગર્વ એમના ઓષ્ઠને ધનુષ્યની જેમ ખેંચાયેલો રાખતો પાંચસો પાંચસો વિજય ધ્વજ વાહ-વાહ કરતા એમની આગળ ચાલતા ઉપાધ્યાયની આસપાસ દિવ્ય ભામંડળ રચાઈ ગયું.

આ સમાચાર મહાયોગી શ્રી આનંદઘનજીને મળ્યો તેમનાં નયનોમાં આનંદ અને વેદનાના આંસુ હતા. અરે! જ્ઞાનનો ગર્વ સાધુને ન શોભે નમ્રતા એની જીવનસંગિની હોય એક નમતી સાંજે મહાયોગી ઉપાધ્યાય યશોવિજયજીને મળ્યા. તેમની સાથે જ્ઞાનગોષ્ઠિ કરી ઠાવકુ મો રાખી, સ્મિતપૂર્વક યોગીરાજે કહ્યું; ''ઉપાધ્યાજી! મને કહો કે કેવળજ્ઞાન અને ચૌદ પૂર્વધરનું જ્ઞાન આપણા કરતા વધારે કે ઓછું ? ઉપાધ્યાયે જવાબ આપ્યો કે આ શું બોલો છો ? યોગીરાજ એ તો જ્ઞાનનો સિંધુ કહેવાય. મારું જ્ઞાન તો એની આગળ માત્ર એક બિંદુ છે યોગીરાજ સસ્મિત વદને બોલ્યા; ''હા! તો એમની આગળ લાખ લાખ વિજયધ્વજની હારમાળા ચાલતી હશે ? ખરું ને ?


આ સાંભળી ઉપાધ્યાય યશોવિજયજીનો આત્મા યોગીના ચરણે નમી રહ્યો અને ગર્વના પાણી નેત્રો દ્વારા ઝરી ગયા, ત્યાં તો દિવ્યધ્વનિ થયો.

''સા વિદ્યા મા વિમુક્ત્યે''

વિદ્યા તે કે જે વાસનામાંથી વિમુક્ત બનાવે, ગર્વષ્ઠમાંથી નમ્ર બનાવે.

# શ્રી પાટણ જૈન મંડળ જીવન મહેક આયોજીત
# અપરિણિત યુવક-યુવતીઓ માટેની પીકનીક














જીવન મહેક કમિટી દ્વારા ૧૬ મે, ૨૦૨૩ના એક ડિજિટલ જીવન સાથી ગ્રુપની શરૂઆત કરવામાં આવી છે, આ ડિજિટલ પ્લેટફોર્મ ઉપર સમાજના અંદાજીત 240 બાયોડેટાની Age wise PDF File મુકવામાં આવી છે. એમાંથી 12 Candidate ના સગપણ થયેલ છે. આપના સાથ અને સહકારથી આ ગ્રુપ ધીરે ધીરે પ્રગતિના પંથ તરફ આગળ વધી રહ્યું છે.

જીવન મહેક કમિટી દ્વારા **One Day Picnic Silent Hill Resort - Date: 7 Jan, 2024 Sunday** ના રોજ આયોજન કરવામાં આવ્યું છે, જેનો ચાર્જ **Rs. 500/-** વ્યક્તિ દિઠ રાખવામાં આવેલ છે. (નોન રિફન્ડેબલ) **પૈસા ભરવાની છેલ્લી તા. ૩૦-૧૨-૨૦૨૩**

આ પિકનીકનો મુખ્ય હેતું બાયોડેટામાં રહેલા પાત્રને પર્સનલી મળવાનો, આપણા સમાજનું સંસ્કાર આપણામાં જળવાઈ રહે. ગ્રુપ એક્ટીવીટી દ્વારા easily એકબીજાને Connect કરવાનો, વિવિધ ગેમો દ્વારા એકબીજામાં રહેલી ટેલેન્ટ અને વિચારોની આપ લે કરીને યોગ્ય પાત્ર પસંદ કરવાનો આ એક સુંદર પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ પીકનીકને સફળ બનાવવા માટે અને **Community ને Grow** કરવામાં આપ સૌના સાથ-સહકારની અપેક્ષા છે. આ આયોજનમાં વધારે સંખ્યામાં જોડાઈને કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રયત્ન કરશો. નીચે આપેલા નંબર ઉપર **Rs. 500/- G-Pay** કરશો.

**રાજા મો. 9004764649 અને તમારી Seat Book કરાવશો.**

| શ્રી પાટણ જૈન મંડળ મુખ્ય કાર્યાલય : | ગોરેગામ શાખા : |
|---|---|
| ૭૭, મરીનડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦. | રૂપમ, ૧૫૨, જવાહર નગર, ગોરેગામ (વે), મુંબઈ- ૬૨. |
| ફોન: ૨૨૮૧૧૩૪૬/૮૭૭૯૧૬૧૨૦૯•સમય: ૧૦.૩૦થી ૬.૦૦ | ફોન: ૯૦૭૬૨૪૨૩૮૧•સમય: ૯.૩૦થી ૧૨.૩૦ અને ૪.૦૦ થી ૭.૦૦ |

**https://surveyheart.com/form/6545484c79ee80079954b644**

**ઉપર જણાવેલ લિંક ઓપન કરી તમારા ફોર્મ સબમીટ કરી શકશો.**

**વધુ વિગત માટે સંપર્ક :**

ઉપપ્રમુખ-કન્વીનર શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ (વિમાવાળા) મો. 9323742789

માનદમંત્રી શ્રીમતી મોનાબેન વિમલેશભાઈ શાહ મો. 9323953779

માનદમંત્રી શ્રીમતી હેમાબેન દર્શનભાઈ શાહ મો. 9769369196

માનદમંત્રી શ્રી સંજયભાઈ કીર્તિલાલ શાહ મો. 9819007469

# શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સૂચિત નૂતન પ્રાથમિક શાળા માટે દાનની વિજ્ઞપ્તિ



**સમાજના દાતાશ્રીઓનો અદ્‌ભુત પ્રતિસાદ**
**રૂા. ૫ કરોડના પ્રોજેક્ટ સામે લગભગ રૂા. ૩.૭૨ કરોડની દાન ઉપલબ્ધી.**

| | |
|---|---|
| **શાળાના મુખ્ય દાતા શ્રી ત્રિભોવનભાઈ ડી. પટેલ** | રૂા. ૧,૫૧,૦૦,૦૦૦/- |
| ગત પ્રતિબિંબ અંકોમાં પ્રકાશિત થયા મુજબ | |
| ◆ ૧૪ ક્લાસરૂમના દાતાશ્રીઓ | રૂા. ૯૮,૦૦,૦૦૦/- |
| ◆ કોમ્પ્યુટ રૂમ, સિદ્ધહેમ લોબી, લાયબ્રેરી, સ્ટાફરૂમ, પ્રિન્સીપલ રૂમ, સંગીત રૂમ, આર્ટ રૂમ, બાલવાટીકા, વિઝિટર્સ રૂમ, વોટર રૂમ, કેન્ટીન વિગેરે વિભાગના દાતાશ્રીઓ | રૂા. ૧,૧૭,૫૦,૦૦૦/- |
| કેન્ટીન : શ્રીમતી કાંતાબેન નાનકચંદ મોતીચંદ શાહ (કુંભારીયા પાડો) હ. શ્રીમતી પ્રિતીબેન પરેશભાઈ શાહ | રૂા. ૫,૫૦,૦૦૦/- |
| **દાતાશ્રીઓની અનુમોદના - સહ અભિનંદન** કુલ રકમ | રૂા. ૩,૭૨,૦૦,૦૦૦/- |

**શિક્ષણ પ્રદાન ક્ષેત્રના આ અભિયાનમાં તમો સહભાગી બન્યા છો ? આજેજ વિચારો... આજેજ જોડાઓ...**
**પુણ્યાનુબંધી પુણ્ય કમાવો.... વર્ષો વર્ષની સ્મૃતિ માટે તમારા પરિવારની તક્તી અંકિત કરાવો....**

**૨૯ સ્કીમો માટે દાતાશ્રીઓ પ્રાપ્ત છે, બાકી રહેલી ૬ સ્કીમો માટે દાતાશ્રીઓ આવકાર્ય છે**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ◆ Science Lab | 1 | ... | 25,00,000 | ◆ Conference Room | 1 | ... | 30,00,000 |
| ◆ General Lab | 1 | ... | 25,00,000 | ◆ Multipurpose Hall | 1 | ... | 30,00,000 |
| ◆ Sidhahem Lobby | 1 | ... | 10,00,000 | ◆ Lift each | 2 | ... | 5,50,000 |

**નૂતન પ્રાથમિક સ્કુલ પ્રોજેક્ટમાં નાનાથી મોટા દરેક ભૂતપૂર્વ વિદ્યાર્થિઓ તથા પટ્ટણીઓ વિદ્યાદાન આપી જોડાઈ શકે તે હેતુથી નીચે મુજબની યોજના જાહેર કરતા હર્ષની લાગણી અનુભવીએ છીએ.**

| GOLDEN STONE | SILVER STONE |
|---|---|
| Scheme | Scheme |
| 2,00,000/- (રૂા. ૨ લાખ) | 1,00,000/- (રૂા. ૧ લાખ) |
| જુન ૨૪ સુધીમાં આ રકમ ભરપાઈ કરવાની રહેશે. | જુન ૨૪ સુધીમાં આ રકમ ભરપાઈ કરવાની રહેશે. |

ગોલ્ડન સ્ટોનના દાતા સ્વ. શ્રીમતી જ્યોત્સનાબેન નરેન્દ્રકુમાર શાહ (કનાસાનો પાડો)
સિલ્વર સ્ટોનના દાતા શ્રીમતી મધુબેન કાંતિલાલ ભોગીલાલ પરિવાર
હ. શ્રી શૈલેષભાઈ કે. શાહ (ભચાઉ)

દાન આપનારનું નામ નૂતન વિદ્યાલયમાં ગ્રેનાઈટની તક્તી પર સોનેરી તથા રૂપેરી અક્ષરે મઢવામાં આવશે.
વિદ્યાદાન આપી પૂણ્યાનુંબંધી પૂણ્ય કમાવવાની અમૂલ્ય તક.

શ્રી પાટણ જૈન મંડળ : ૮૭૭૯૧૬૧૨૦૯ ✻ પ્રમુખશ્રી, શ્રી દાનેશભાઈ વી. શાહ - ૯૯૩૦૮૯૧૯૮૫
ઉપપ્રમુખ, શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ - ૯૩૨૨૨૨૭૨૦૯ ✻ માનદમંત્રી, વિદ્યાલય શ્રી ભરતભાઈ સી. શાહ - ૯૩૨૩૧૮૯૯૪૧

## સમેત શિખર યાત્રા પ્રવાસ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સમાજના સખી દાતાઓના સૌજન્યથી ફેબ્રુઆરી માસમાં શિખરજી યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે, **જેમાં યાત્રિકો લઈ જવાની નિર્ધારિત સંખ્યા કરતા સમાજમાંથી બમણી સંખ્યાથી વધારે ફોર્મ ભરાઈને આવતા - શુક્રવાર તા. ૦૩-૧૧-૨૦૨૩ના** મંડળના હોદ્દેદારો તથા ટ્રસ્ટીઓની હાજરીમાં લક્કી ડ્રો કરવામાં આવેલ તેમાં જેમના નામો આવેલ છે, તેઓને યાત્રા પ્રવાસમાં સ્થાન પ્રાપ્ત થયેલ છે, જેની જાણકારી આપતો પત્ર અલગથી તેઓને કુરિયર મારફત મોકલવામાં આવેલ છે.

વધુમાં જણાવવાનું કે આ યાત્રા પ્રવાસ વિમાન મારફત કરવાનો હોઈ તે અંગેની વિવિધ સૂચનાઓ આપવા તથા યાત્રિકોની મુંઝવણના સમાધાન માટે એક સ્નેહ મિલનનું આયોજન નીચે મુજબ રાખવામાં આવેલ છે, તે સમયે દરેક યાત્રિકોએ ફરજિયાત ઉપસ્થિત રહેવા વિનંતી છે.

**દિનાંક : શનિવાર, તા. ૧૦-૦૨-૨૦૨૪**
**સમય : સાંજે ૪.૦૦ કલાકે**
**સ્થળ : ગરવારે ક્લબ હાઉસ, ચર્ચગેટ, મુંબઈ - ૪૦૦૦૨૦**

**આ પ્રસંગે સંસ્થા દ્વારા નીચે મુજબની માહિતી પુરી પાડવામાં આવશે.**

૧. શિખરજી જતા તેમજ મુંબઈ પરત ફરતા આપને કઈ ફ્લાઈટમાં જવાનું છે.
૨. વિમાન ક્યાંથી ઉપડશે.
૩. વિમાન કેટલા વાગ્યે ઉપડવાનું છે.
૪. તમારે કેટલા વાગ્યે વિમાન મથકે પહોંચવાનું રહેશે.
૫. કેટલો સામાન સાથે તથા કેટલો સામાન લગેજમાં મુકવાનો રહેશે.
૬. ટિકિટ, સીટ નંબર, બોર્ડીંગ પાસ માટે આપે શું કરવાનું રહેશે.
૭. ફ્લાઈટમાં નિયત સ્થળે પહોંચવા કેટલો સમય થશે.
૮. લગેજમાં મુકાયેલ સામાન આપને કેવી રીતે અને ક્યાંથી મેળવવાનો રહેશે તેની માહિતી.
૯. પ્રવાસ દરમ્યાન તીક્ષ્ણ કે ધારદાર હથિયારો લેવાની મનાઈ છે.
૧૦. એરપોર્ટ ખાતે સીક્યુરીટી ચેકીંગમાં શું કરવાનું રહેશે.
૧૧. ઓળખ માટે આધારકાર્ડ ફરજિયાત લાવવાનું રહેશે.
૧૨. યાત્રા પ્રવાસ કાર્યક્રમની સંપૂર્ણ માહિતી આપવામાં આવશે.
૧૩. આપને કઈ ધર્મશાળામાં, કયા બ્લોકમાં ઉતારો આપેલ છે તેની વિગતો.
૧૪. દરેક યાત્રિકને તેમના લગેજ ઉપર ફરજિયાત બાંધવા ટેગ બાંધવામાં આવશે.
૧૫. કઈ બસની આપને ફાળવણી કરેલ છે તે જાણશો.
૧૬. બસથી ધર્મશાળાના ઉતારા માટે દરેક બસ દીઠ બે માણસો રાખવામાં આવેલ છે
૧૭. પ્રવાસ દરમ્યાન આપને કયા સ્થળે લંચ અથવા ડિનર ફાળવવામાં આવશે તેની જાણકારી આપવામાં આવશે.

**ખાસ નોંધઃ કાર્યક્રમ બાદ જમવાની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.**

# Export-Import Management

By Economic Upliftment




Patni brothers and sisters,

- Are you wondering how to start an export or import business?
- Want to expand your knowledge about exporting and importing?
- Want to develop an export and import business?

So, Shree Patan Jain Mandal, Invites you to join the Export Import Management Course.

Course - Export Import Management Course - Batch – 2
Venue - Sri Patan Jain Mandal, 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai - 400020
Day - Every Tuesday from 12th December 2023 (15 weeks)
Timings - 7.00 pm to 9.00 pm (2 hours)
Duration - 15 for Tuesdays
Total number - up to 30 persons only
Fee - None
Deposit – Rs. 2000/- (Registration is refundable if the following condition is fulfilled)
1) Registration fee will be refunded to those whose attendance is more than 80% = 12+ class.
2) Certificate will be issued on successful completion of the course.
Faculty - Shri Ajit Shah (Limdi Pado)
He is well experienced in the field of education, the course will be conducted by Mr. Shah. Involved in Exports - He has given several lectures on Imports on a day-to-day basis. Conducted seminars and solved practical problems of export-import.

Registration Link - https://bit.ly/pjmeximbatch2

Don't hesitate to contact for more details
Hitesh Shah - 9820070208 | Bhavik Shah - 7666676701


Please share with your group, family members and friend who will benefit from this.



## લગ્ન સંબંધી

બેંગકોક અને મુંબઈ સ્થિત પાટણના શ્રીમંત પરિવારના પોતાના બિઝનેસ ધરાવતા ૧૯૫૭ (૫'૫) વેલ એજ્યુકેટેડ પર્સનાલીટી ધરાવતા ડાઈવોર્સી માટે (યંગ લુક) એજ્યુકેટેડ યુવતી બાયોડેટા સાથે સંપર્ક:

અલ્પાબેન શાહ : 9823218746 ADVT




## શ્રી પાટણ જૈન મંડળ

# વાર્ષિક પારિતોષિક વિતરણ સમારોહ

એસ.એસ.સી., એચ.એસ.સી., કૉલેજ લેવલ, ડિગ્રી ડિપ્લોમાં કોર્સ તેમજ અનેક શૈક્ષણિક ક્ષેત્રોમાંથી સમાજના વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમની સને ૨૦૨૨-૨૩ની વાર્ષિક પરીક્ષામાં ઉચ્ચ સ્તરના ગુણાંક મેળવીને ગૌરવપ્રદ સિદ્ધિ હાંસલ કરી છે તેમને મંડળ તરફથી પારિતોષિક તથા મેરિટ સર્ટિફિકેટ એનાયત કરી દર વર્ષે અભિવાદન કરવામાં આવે છે, તદ્નુસાર વાર્ષિક પારિતોષિક વિતરણ સમારોહનું નીચેની વિગતે આયોજન કરાયેલ છે.

**દિનાંક : રવિવાર, ૨૧-૦૧-૨૦૨૪**

**સમય : ૯.૩૦ થી ૧૧.૩૦**

**સ્થળ : શ્રી પાટણ જૈન મંડળ**

**શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ મેમોરિયલ હોલ**


**૭૭, શ્રી પાટણ જૈન મંડળ માર્ગ, મરીનડ્રાઈવ - ૪૦૦૦૨૦**

ઘણા વિદ્યાર્થીઓએ પારિતોષિક મેળવવા અંગેનું ફોર્મ હજુ ભરેલ નથી તો તેવા વિદ્યાર્થીઓએ ઉપરોક્ત **અભ્યાસક્રમ અંગેના છેલ્લી વાર્ષિક પરીક્ષાના પરિણામની ઝેરોક્ષ નકલ સાથે ફોર્મ ભરીને તા. ૦૬-૦૧-૨૦૨૪ સુધીમાં મંડળના મુખ્ય કાર્યાલયમાં મોકલાવી આપવું.**
**Form Online - patanmandal@gmail.com થી ભરીને મોકલી શકશો**

*(અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે. )*

❑ શિક્ષણ સમિતિ

## અભિનંદન



પાટણના રાજકાવાડો-અબજી મહેતાનો પાડો શ્રી હર્ષદભાઈ ચંદુલાલ શાહ (સાંડેસરા) ના પુત્ર અનુપભાઈ હર્ષદભાઈ શાહનો પુત્ર **ચિ. અરહાન** (ઉં. વર્ષ ૧૪) Cathedral School, Std 9 માં ભણે છે. હાલમાં દોડવાની રેસ ૧૦૦ મીટર- ૨૦૦ મીટર - ૮૦૦ મીટરમાં પ્રથમ ઈનામમાં ગોલ્ડ મેડલ મળેલ છે તે ઉપરાંત Athlitics Federation of India ૨૦૨૩માં ૮૦ મીટર દોડ પટણા (બિહાર)માં પણ પ્રથમ ઈનામ મળેલ છે.


**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત**

**શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

**ટાંગડિયા વાડો, પાટણ— ૩૮૪૨૬૫ • ફોન : ૦૨૭૬૬—૨૨૫૮૫૩**

**અન્નદાન.... પુણ્ય મહાન**

**ભુખ્યાને ભોજન... તરસ્યાને જલપાન**

**દૈનિક માત્ર રૂા. ૫૦૦૦/-નું દાન આપી**

**મેળવો ત્રણ ત્રણ લાભ**

- સાધુ સાધ્વીજી ભગવંતોને સુપાત્ર દાન
- સાધર્મિક ભક્તિ
- મુમુક્ષુ ભક્તિનો લાભ

તો આવો જોડાઓ, ભોજનશાળાની નૂતન યોજનામાં સહભાગી બની આપના ઘરમાં આવતા દરેક પ્રસંગોને એક સંભારણું બનાવીએ.

વધુ વિગત માટે સંપર્ક : શ્રી ધર્મેશભાઈ જશવંતલાલ શાહ - મો. ૯૮૨૧૦૩૫૦૧૧

સૌજન્ય: મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ., મુંબઈ ✻ મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ

ADVT

## બોરીવલી - દહિસર પાટણ જૈન મંડળ મિત્રમંડળ

મિત્ર મંડળ દ્વારા **દિનાંક ૨૧-૦૧-૨૦૨૪ રવિવારના** રોજ સવારે ૧૦ કલાકે પ્રબોધન ઠાકરે નાટ્ય મંદિર, બોરીવલી (વે) ખાતે મ્યુઝિકલ હાઉઝી - **હાસ્ય દરબારનો કાર્યક્રમ આયોજીત** કરેલ છે, તેમજ **દિનાંક ૦૪-૦૨-૨૦૨૪ના રવિવારના** રોજ **'ડે નાઈટ ક્રિકેટ'** બપોરે ૨ થી ૯ કલાકે મેચનું આયોજન કરેલ છે. જેઓ આ બન્ને કાર્યક્રમ જોવા ઈચ્છતા હોય તેઓએ નીચે મુજબ સંપર્ક કરવો.

**આ બન્ને કાર્યક્રમ બોરીવલી - દહિસરમાં રહેતા દરેક પટ્ટણી જૈન પરિવાર ભાગ લઈ શકશે.**

**સંપર્ક :- શ્રી મયુરભાઈ જૈન મો. નં. ૯૮૧૯૯૬૫૦૦૪ • શ્રી જીગરભાઈ શાહ મો. નં. ૯૮૨૦૦૮૦૩૨૭**

## સૌરભ લેડીઝ ક્લબ, વિલેપાર્લા (વે)

**તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૨૪ શુક્રવારના** રોજ સવારે ૧૧.૩૦ કલાકે જૂહુ જીમખાનામાં લંચ સાથેનો કાર્યક્રમ આયોજીત કરવામાં આવેલ છે તો મેમ્બર બહેનોએ લેડીઝ ક્લબની કાર્યકર બહેનોનો સંપર્ક કરવા વિનંતી છે.

**સંપર્ક :- • શ્રીમતી તરૂણાબેન જૈન મો. નં. ૯૨૨૩૪૦૨૦૦૨**

**• શ્રીમતી કલ્પનાબેન શાહ મો. નં. ૯૩૨૨૨૪૬૯૦૯ • શ્રીમતી ગીતાબેન શાહ મો. નં. ૯૦૮૨૧૨૦૧૪૭**

## શ્રી સાગર જૈન ઉપાશ્રય - વૈયાવચની રકમ ફાળવવા બાબત

સાગરના ઉપાશ્રયમાં શેષકાળ તેમજ ચોમાસામાં ઘણાજ સાધુ સાધવી ભગવંતો અત્રે પધારે છે, તેઓને જરૂરિયાત મુજબ દવા, વ્હીલચેર રીપેરીંગ, માણસોની દાનગી વગેરે સગવડ કરવામાં આવે છે. તેમજ ઉપાશ્રયમાં બારેમાસ ઉકાળેલા પાણીની વ્યવસ્થા રાખવામાં આવે છે. તેનો સારી એવી સંખ્યામાં સાધુ-સાધ્વીજી લાભ લે છે. અત્રે મોંઘવારી હોઈ ગેસના બાટલા વધારે પૈસા આપીને લેવા પડે છે. ઉકાળેલા પાણીનો દર વર્ષનો ખર્ચ એંસી હજારથી એક લાખ રૂપિયા થઈ જાય છે. જેનો તોટો પડે છે, તે સાધારણ ખાતામાંથી વાપરવામાં આવે છે આપશ્રી તેમાં સારી એવી રકમ આપો તો તે રકમ કાયમી ફંડમાં રાખીને તેનું વ્યાજ અમો વૈયાવચમાં વાપરવામાં આવશે તો આપના સહકારની અપેક્ષા છે.

નીચેની સ્કીમમાં લાભ લેનારનું નામ આરસની તક્તી પર લખવામાં આવશે.

**રૂા. ૧૧,૧૧,૧૧૧/- ઉકાળેલા પાણીની ઓરડી ઉપર તક્તી લગાવવામાં આવશે.**

**તક્તી રૂા. ૫,૫૫,૦૦૦/- ૨।।'X ૪',**

**તક્તી રૂા. ૩,૩૩,૦૦૦/- ૧।।'X ૨।।',**

**તક્તી રૂા. ૨,૨૨,૦૦૦/- ૧।।'X ૨',**

**તક્તી રૂા. ૧,૨૫,૦૦૦/- સર્વ સાધારણ**

**વધુ વિગત માટે સંપર્ક :-**

**શ્રી વિપુલભાઈ નગરશેઠ મો. ૯૮૨૧૧૨૭૬૦૪**






# સૌને માટે પ્રેરણાદાયીઃ સંઘર્ષ સાથે સફળતા મેળવવાના સાત મંત્રો

આર્નોલ્ડ સ્વાર્ઝેનેગરનું નામ ભાગ્યે જ કોઈએ ન સાંભળ્યું હોય તેવું બને. કમાન્ડો અને ધ ટર્મિનેટર જેવી ફિલ્મોમાં હીરો તરીકે તેમને જોયો હશે. કુલ મળીને આર્નોલ્ડે ૪૦થી વધારે હોલીવુડની ફિલ્મોમાં એક્ટિંગ કરી છે. પરંતુ તેની કારકિર્દીની શરૂઆત તો બોડીબિલ્ડીંગથી કરી હતી. યુરોપમાં, જર્મનીની પાસે આવેલા ઓસ્ટ્રિયા દેશના એક નાનકડા ગામમાં જન્મેલા આર્નોલ્ડ પોતાના સપના પૂરા કરવા અમેરિકા આવ્યો અને ત્યાં બોડિબિલ્ડીંગની શરૂઆત કરી. આ ક્ષેત્રમાં તેને અપ્રતિમ મહારત હાંસલ થઈ. બોડીબિલ્ડીંગમાં સૌથી પ્રતિષ્ઠિત ગણાતું મિસ્ટર ઓલમ્પિયા ટાઈટલ આર્નોલ્ડે એક, બે કે ત્રણ નહીં, પરંતુ સાત-સાત વખત જીત્યું. ત્યારબાદ તેણે હોલીવુડની ફિલ્મોમાં ઝંપલાવ્યું અને શરૂઆત તો એક્શન હીરો તરીકે કરરી, પરંતુ પછી તો કોમેડી અને બીજા રોલ પણ કર્યા. આટલું પૂરતું ન હોય તેમ પછીથી આર્નોલ્ડે સક્રિય રાજકારણમાં પોતાનો હોથ નાખ્યો અને અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યના ૩૮માં ગવર્નર તરીકે ચૂંટાયો. અમેરિકામાં ગવર્નર એટલથે આપણા દેશમાં કોઈ રાજ્યના મુખ્યમંત્રી જેવું પદ ગણાવી શકાય.

આ રીતે એક સફળ બોડીબિલ્ડર, સફળ અભિનેતા અને સફળ રાજકારણી એવા આર્નોલ્ડ સ્વાર્ઝેનેગરે તાજેતરમાં એક પુસ્તક લખ્યું છે. Be Useful: Seven Tools for Life - જે ઓક્ટોબર ૨૦૨૩માં પ્રકાશિત થયું અને ન્યુયોર્ક નંબર ૧ બેસ્ટ સેલર બન્યું. આ પુસ્તકમાં આર્નોલ્ડે પોતાની સફળતા, સંઘર્ષ અને જીવનની કહાનીનો સંદર્ભ આપીને સાત મંત્રો આપ્યા છે જે કોઈને પણ પ્રેરણાદાયી બની રહે છે. આ સાતેય મંત્રો કંઈક આ પ્રકારે છેઃ તમારું લક્ષ્ય નિર્ધારિત કરો, મોટું વિચારો, થાક્યા વગર મહેનત કરો, અસરકારક સંવાદ કરો, અનુકૂલનશીલ રહો, સતત શીખતાં રહો, સામાજિક કાર્ય કરો. (આ સિદ્ધાંતોને જેમના તેમ નહીં પરંતુ થોડા સરળ અને આપણી ભાષામાં સારી રીતે સમજી શકાય તે રીતે મૂક્યા છે.) આ સિદ્ધાંતોની થોડા વિસ્તારથી સમજીએ.

તમારું લક્ષ્ય નિર્ધારિત કરોઃ આર્નોલ્ડ લખે છે કે તમારું લક્ષ્ય જેટલું સ્પષ્ટ રીતે નિર્ધારિત હશે તેટલી જ તમારી સફર આસાન બનશે અને તેને પ્રાપ્ત કરવાની શક્યતાઓ વધશે. પહેલા તમારું બહોળું લક્ષ્ય નક્કી કરો - જેમ કે બોડીબિલ્ડીંગ કરવું છે - અને ત્યારબાદ તેને વધારને વધારે વ્યાખ્યાયિત કરતા જાઓ - જેમ કે મિસ્ટર ઓલમ્પિયાની સ્પર્ધા જીતવી છે. આ રીતે નિર્ધારિત કરેલા લક્ષ્યને પ્રાપ્ત કરવા પુરી તાકાતથી મહેનત કરવાની તૈયારી રાખો, લક્ષ્યને હંમેશા ધ્યાન સમક્ષ રાખો અને તેને એક દીવાસ્વપ્નની માફક જુઓ.

મોટું વિચારોઃ ક્યારેક તમારી ક્ષિતિજને મર્યાદિત ન થવા દેશો. એક લક્ષ્ય હાંસલ કરીને શાંત બેસી ન રહેશો પરંતુ તમારા વિચારોને વધારેને વધારે બૃહદ બનાવશો. ક્યારેય શંકા કે મર્યાદાને તમારા વિચારોમાં પ્રવેશવા દેશો નહીં. હંમેશા પુરી શક્તિથી ઝંપલાવવાની માનસિકતા રાખવી જરૂરી છે. તારાઓને આંબવાનું લક્ષ્ય રાખો જેથી જો તમે ત્યાં ન પહોંચી શકો તો પણ તમે ઘણી ઊંચાઈ હાંસલ કરી લીધી હશે. કોઈની નકારાત્મકતાનો શિકાર ન બનશો. જ્યારે તમે પોતાના દ્રષ્ટિકોણને વિશાળ બનાવશો ત્યારે નવી ચેલેન્જ સ્વીકારવા તૈયાર રહેવું પડશે, પરંતુ તેમાં પાછીપાની કરશો નહીં.

થાક્યા વગર મહેનત કરોઃ જ્યારે લક્ષ્ય નિર્ધારિત કરી લીધું હોય, બૃહદ દ્રષ્ટિકોણ વિકસાવી લીધો હોય ત્યારે તેને પામવા માટે અથાક મહેનત કરવાની પણ તૈયારી તો રાખવી જ પડશે ને ? પોતાની બધી જ ક્ષમતા સાથે લાગી પાડો. ક્ષમતા અને શક્તિ વિકસાવવા માટે સાતત્ય જરૂરી છે. મહેનતમાં સાતત્ય છોડશો નહીં. જેમ આર્નોલ્ડ જીમમાં ડંબેલ્સના એક પછી એક સેટ મારી મારીને પોતાના સ્નાયુઓને વિકસાવતો તેમ તમારે પણ નિર્ધારિત કરેલ ક્ષેત્રમાં સતત મહેનત કરી કરીને પોતાની આવડતને, ક્ષમતાને વિકસાવવી પડશે. સાચી પ્રતિબદ્ધતા તમે જે શરૂ કરો તેને પૂરું કરવામાં રહેલી છે. વચ્ચેથી છોડી દઈને ભાગી જનાર કાયર ગણાય છે.

અસરકારક સંવાદ કરોઃ તમારા ગોલને હાંસલ કરવા માટે તમારે અસરકારક અને સ્પષ્ટ સંવાદ કરતા શીખવું પડશે. લોકોને તમારા સ્વપ્ન બતાવવા પડશે. જેમ કે આર્નોલ્ડ જ્યારે ઓસ્ટ્રિયાથી અમેરિકા આવ્યો ત્યારે બોડીબિલ્ડીંગ હજુ એટલી ખ્યાતિપ્રાપ્ત રમત ગણાતી નહોતી. આર્નોલ્ડે આ ક્ષેત્ર અંગે જાગૃતિ ફેલાવીને તેને લોકપ્રિય બનાવવા માટે કાર્યક્ષમ સંચાર કર્યો. ત્યારબાદ ફિલ્મોમાં આવવા માટે અને તેમાં પણ પોતાનું વિઝન સમાજવવા માટે અને તેમાં પણ પોતાનું વિઝન સમાજવવા માટે તેને સંવાદનું માધ્યમ તો અપનાવવું જ પડ્યું. આખરે રાજકારણમાં તો કોઈ ધારદાર વાકછટા વિના કેમ સફળ થઈ શકે ? તમે કોઈપણ ક્ષેત્રમાં હોય, તમારા વિચારો દુનિયા સામે સ્પષ્ટ

રીતે મૂકી શકો તેટલો અસરકારક સંવાદ સાધતા તો શીખવું જ રહ્યું. અનુકૂલનશીલ રહોઃ જે તે પરિસ્થિતિને અનુકૂળ થવાની આવડત તો માણસે વિકસાવવી જ પડે. જો તમારામાં એટલી સ્થિતિસ્થાપકતા ન હોય, આવનારી પરિસ્થિતિઓનો સામનો તમે ન કરી શકો તો સફળતા મળવી મુશ્કેલ છે. ક્યારેક કપરી સ્થિતિ આવી જાય તો તેમાં પણ જીવવું પડે અને તેમ છતાંય પોતાનું લક્ષ્ય ન છૂટી જાય તે માટે મક્કમતાથી મહેનત કરવી પડે તેવું આર્નોલ્ડ કરે છે, તેને ખુબ કોમ્પિકેટેડ ઓપન હાર્ટ સર્જરીમાંથી પસાર થવું પડ્યું તેમ છતાંય તેણે જલ્દીથી પોતાના કામ અને લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરી દીધું હતું. નિષ્ફળતાઓને સહેતા સહેતા પણ સતત સકારાત્મકતાથી પોતાના લક્ષ્ય તરફ આગળ વધતા રહો. સતત શીખતાં રહોઃ વ્યક્તિ જે દિવસે શીખવાનું છોડી દે છે તે દિવસે તે નવી સફળતાઓ માટે દ્વાર બંધ કરી દે છે. આ સિદ્ધાંતે સતત કંઈકને કંઈક નવું શીખતાં રહેવું આવશ્યક છે. પોતાના લક્ષ્યને હાંસલ કરવા માટે જે કઈ નવી સ્કિલ, આવડત કેળવવી પડે તેમાં પાછળ ન હટવું. જે કોઈ પાસેથી જ્ઞાન મળી શકે તેમની પાસેથી શીખતાં રહેવું. આર્નોલ્ડે બાળપણથી લઈને અત્યારે સુધી જેમના પણ સંપર્કમાં આવ્યા તેમની પાસેથી કંઈકને કંઈક શીકવાનો પ્રયત્ન કર્યો છે. જિજ્ઞાસાવૃત્તિને ક્યારેય મરવા દેવી ન જોઈએ.

સામાજિક કાર્ય કરોઃ આર્નોલ્ડ એવું માને છે કે માણસ પોતાનો વિકાસ બીજાના વિકાસમાં ભાગીદાર બનીને જ કરી શકે છે. તેના માટે સમાજ માટે કાર્ય કરવું એ સ્વવિકાસનો જ હિસ્સો છે. કદાચ એટલા માટે જ તેમણે એક પછી એક અલગ અલગ ક્ષેત્રમાં પોતાનું યોગદાન આપ્યું 'સેલ્ફ-મેઈડ મેન' તરીકે પોતાની જાતને આર્નોલ્ડ ઓળખાવવાનું પસંદ કરતા નથી કારણ કે તેઓ એવું માને છે કે તે આજે જે કઈ પણ છે તેમાં કેટલાય લોકોનું યોગદાન છે, અનેક લોકો પાસેથી શીખીને તેઓ આજે આ સ્થાને પહોંચ્યા છે.

આર્નોલ્ડના આ પુસ્તકમાં આપેલા સાત સિદ્ધાતો આપણને પણ ઉપયોગી થઈ શકે તેમ છે.

(અભિવ્યક્ત મંતવ્યો લેખકના અંગત છે.)

❑ સંકલન : દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ


નવેમ્બર - ૨૦૨૩, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ

## શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોનઃ (૦૨૭૬૬)૨૨૦૨૦૩

મુંબઈ કાર્યાલયઃ- ૪૧૦, રોક્ષી ચેમ્બર, (જ્વેલ બિલ્ડીંગ), ચોથે માળે, ઓપેરાહાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭

મુંબઈઃ શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩ • શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬

| | |
|---|---|
| શ્રીમતી પુર્ણિમાબેન પી. મહેતા (પાલનપુર) | ૭૨,૦૦૦ |
| શ્રી નરેશભાઈ ચિમનલાલ શાહ (મહાદેવાજીની શેરી, મદ્રાસ) | ૬૬,૦૦૦ |
| હ. શ્રી બિપીનભાઈ લાભચંદ શાહ (ગોરેગામ) | |
| સ્વ. શ્રી નરેન્દ્રભાઈ ભગવાનદાસ શાહ (મહાદેવાજીની શેરી, ખેતરવસી) | ૫૪,૦૦૦ |
| ક્રાઉન ફેરો એલોટીઝ પ્રા.લિ. (મકરપુરા, વડોદરા) | ૫૧,૦૦૦ |
| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન સંઘના જીવદયા પ્રેમીઓ (ગ્રાન્ટરોડ, મુંબઈ) | ૫૧,૦૦૦ |
| Do It Ind (I) Pvt., Ltd., હ. શ્રી કમલેશભાઈ નવિનચંદ્ર શાહ | ૫૧,૦૦૦ |
| (ઢંઢેરવાડો, ગોરેગામ) | |
| Supreme Micronizing (Fort) | ૪૦,૦૦૦ |
| શ્રી સાગર જૈન ઉપાશ્રય જીર્ણોદ્ધારની શતાબ્દી મહોત્સવ ૨૦૨૩ | ૪૧,૨૦૦ |
| શ્રી મેહુલ દેવદત્ત જૈન (પાટણ) | |
| C.J. Shah & Co. નરીમાન પોઈન્ટ | ૩૭,૦૦૦ |
| શ્રી મહોદય ધામ સ્મારક ટ્રસ્ટ, S.G. Highway (અમદાવાદ) | ૩૧,૦૦૦ |
| શ્રી ચંદ્રકાંતભાઈ લહેરચંદ શાહ (ઝવેરીવાડો, સાયન) | ૩૧,૦૦૦ |
| શ્રી નવજીવન શ્વે. મુ. જૈન સંઘ (લેમિગ્ટન રોડ, મુંબઈ) | ૩૦,૦૦૦ |
| શ્રી મુકેશભાઈ કાંતિલાલ શાહ (ચોધરીની શેરી, મલબારહીલ) | ૩૦,૦૦૦ |
| શ્રી પુજાબેન અનીલભાઈ શાહ (ચોધરીની શેરી) | ૩૦,૦૦૦ |
| શ્રી મહાવીર સ્વામી જૈન રીલીજીયસ ટ્રસ્ટ (મરીનડ્રાઈવ) | ૨૭,૦૦૦ |
| શ્રી નિલેશભાઈ ભદ્રકુમાર શાહ (ખેતરપાળનો પાડો, લોઅરપરેલ) | ૨૭,૦૦૦ |
| શ્રી મૈત્રીબેન ઝવેરી (હીરાચંદ અભેચંદ ઝવેરી, પાર્લા) | ૨૫,૦૦૦ |
| શ્રી ગીતાબેન વનરાજભાઈ શાહ, (વખતજીની શેરી, અંધેરી) | ૨૫,૦૦૦ |
| શેઠ મોતીશા રીલીજયસ ટ્રસ્ટ (ભાયખલા) | ૨૫,૦૦૦ |
| શેઠ શ્રી બાબુલાલ મીસરીમલ ભણસાલી (પુત્ર જન્મ નિમિત્તે) | ૨૫,૦૦૦ |
| શ્રી બાલુભાઈ નાનાલાલ ચેરીટેબલ ટ્રસ્ટ | ૨૧,૦૦૦ |
| શ્રીમતી ઉર્વશીબેન ઉષાકાંતભાઈ ઝવેરી | ૨૧,૦૦૦ |
| શ્રી કાંદિવલી જૈન શ્વે. મુ. સંઘ (કાંદિવલી) | ૨૧,૦૦૦ |
| શ્રી લબ્ધીનિધાન શ્રી શાંતિનાથ જૈન સંઘ (મલાડ) | ૨૧,૦૦૦ |
| શ્રીમતી કલ્પનાબેન નિરંજનભાઈ શાહ પરિવાર (કપુરમહેતાનો પાડો) | ૨૧,૦૦૦ |
| શ્રીમતી સ્મીતાબેન ઈન્દ્રવદનભાઈ શાહ (લીમડીનો પાડો, ઘાટકોપર) | ૨૦,૦૦૦ |
| રોટરેક્ટ ક્લબ ઓફ પાટણ (પાટણ) | ૧૫,૦૦૦ |
| શ્રીમતી અરૂણાબેન મુલચંદભાઈ શાહ, હ. શ્રી નિલય ધ્રુપદભાઈ શાહ | ૧૧,૦૦૦ |
| શ્રી ભરડાવાડી જૈન સંઘ (અંધેરી) | ૧૧,૦૦૦ |
| શ્રી પ્રકાશભાઈ મહાસુખલાલ શાહ (અબજીમહેતાનો પાડો) | ૧૧,૦૦૦ |
| M/s. Pack Print Ind. (અબજીમહેતાનો પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી પારુલબેન બિમલભાઈ શાહ (અબજીમહેતાનો પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી ઉદયનભાઈ કોઠારી | ૧૧,૦૦૦ |
| શ્રીમતી મોનાલીબેન ચંદ્રકાંતભાઈ શાહ | ૧૧,૦૦૦ |
| (સોહીનીબેન ચંદ્રકાંતભાઈના સ્મરણાર્થે) | |
| શ્રીમતી બિજલબેન કે. પટણી (લીંમડીનો પાડો, રીજરોડ) | ૧૦,૦૦૦ |
| શ્રીમતી મીશાબેન તુષારભાઈ ઝવેરી (પાર્લા) | ૧૦,૦૦૦ |

ADVT

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

# સાભાર સ્વીકાર

**નૂતન પ્રાથમિક શાળા પ્રોજેક્ટ ભેટ :**

૧૦,૦૦,૦૦૦/- શ્રી મહેન્દ્રભાઈ દેવચંદ સાંડેસરા (USA) (કેશુશેઠનો પાડો)

૮,૦૦,૦૦૦/- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) પરિવાર (કનાસાનો પાડો)

૨,૦૦,૦૦૦/- શ્રી જ્યોતિન્દ્રભાઈ જયંતિલાલ દેવડાવાલા (લીમડીનો પાડો)

૨,૦૦,૦૦૦/- સ્વ. શ્રી ચીનુભાઈ ગીરધરલાલ શાહ (મલ્લાતનો પાડો) ડૉ. શ્વેતલકુમાર તુષારભાઈ શાહ

૨,૦૦,૦૦૦/- શ્રીમતી મૃદુલાબેન પ્રફુલચંદ્ર કાંતિલાલ શાહ (કુંભારીયા પાડો)

૨,૦૦,૦૦૦/- શ્રી દિપકભાઈ નરેન્દ્રભાઈ શાહ (કનાસાનો પાડો) સ્વ. શ્રીમતી જ્યોત્સનાબેન નરેન્દ્રભાઈ શાહના સ્મરણાર્થે

**સૌરભ મેડિકલ હેલ્થ કેર ભેટ :**

૨૦,૦૦,૦૦૦/- શ્રીમતી વસંતબેન ચંપકલાલ મણિલાલ ઝવેરી હ. શ્રી ભુપેન્દ્રભાઈ, શ્રી મુકેશભાઈ તથા શ્રી ધનંજયભાઈ ચંપકલાલ ઝવેરી (મનમોહનજીની શેરી)

**જીવન સૌરભ ભેટ :**

૬,૦૦,૦૦૦/- ડૉ. જશવંતલાલ મણિલાલ શાહ પરિવાર (ભાભાનો પાડો)

૩,૦૦,૦૦૦/- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ પરિવાર (માટલીવાળા) (કનાસાનો પાડો)

૩,૦૦,૦૦૦/- શ્રીમતી કુસુમબેન સનાલાલ જેશીંગલાલ શાહ પરિવાર (ઝવેરી વાડો)

**યાત્રા પ્રવાસ ભેટ :**

૧૦,૦૦,૦૦૦/- શ્રીમતી સરલાબેન અરવિંદકુમાર બાપુલાલ શાહ હ. શ્રીમતી ભાવીનીબેન જનકકુમાર શાહ (લખીયાર વાડો)

૫,૦૦,૦૦૦/- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) પરિવાર (કનાસાનો પાડો)

**સમાજ ઉત્કર્ષ સહાય ભેટ :**

૯,૦૦,૦૦૦/- શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ અંબાલાલ શાહ (ચીતારાની ખડકી)

૪,૦૦,૦૦૦/- શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ (કનાસાનો પાડો)

**જીવન નિર્વાહ સહાય ભેટ :**

૧૦,૦૦,૦૦૦/- શ્રી મહેન્દ્રભાઈ દેવચંદ સાંડેસરા (USA) (કેશુશેઠનો પાડો)

**મેડિકલ સહાય ભેટ :**

૧,૨૫,૦૦૦/- શ્રીમતી લીનાબેન દિપકભાઈ શાહ સ્વ. શ્રીમતી જ્યોત્સનાબેન નરેન્દ્રભાઈ શાહના સ્મરણાર્થે (કનાસાનો પાડો)

૧૧,૦૦૦/- શ્રીમતી કેતકીબેન બી. ધુપેલિયા (કનાસાનો પાડો) ચિ. વિધિ અને નેમીના લગ્ન પ્રસંગે

૫,૦૦૦/- શ્રી યતિનભાઈ કાંતિલાલ ઝવેરી (કુંભારીયા પાડો)

**વૃદ્ધજન સહાય ભેટ :**

૧,૨૫,૦૦૦/- શ્રીમતી લીનાબેન દિપકભાઈ શાહ (કનાસાનો પાડો) સ્વ. શ્રીમતી જ્યોત્સનાબેન નરેન્દ્રભાઈ શાહના સ્મરણાર્થે

**દિવ્યાંગ ઉત્કર્ષ સહાય ભેટ :**

૧૧,૦૦૦/- શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ ( ) હ. સ્વીટી વિશાલભાઈ શાહ ચિ. હીરના લગ્ન પ્રસંગ નિમિત્તે

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરઃશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા શ્રીમાળી | વખતજીની શેરી | ચંદ્રાબેન જિતેન્દ્રભાઈ શાહ | ૮૫ | મરીનડ્રાઈવ | ૧૬-૧૦-૨૩ | આસો સુદ ૦૨ |
| વિશા શ્રીમાળી | વખતજીની શેરી | જયાબેન હસવંતભાઈ શાહ | ૮૪ | ગીરગામ | ૧૬-૧૧-૨૩ | કારતક સુદ ૦૩ |
| વિશા શ્રીમાળી | શાંતિનાથની પોળ | અરૂણાબેન વિનોદચંદ્ર શાહ | ૭૮ | વિલેપાર્લા | ૧૭-૧૧-૨૩ | કારતક સુદ ૦૪ |
| વિશા શ્રીમાળી | વખતજીની શેરી | સુશીલાબેન રમેશભાઈ શાહ (રાજુલાવાલા) | ૮૯ | ચોપાટી | ૧૮-૧૧-૨૩ | કારતક સુદ ૦૫ |
| દશા શ્રીમાળી | મનમોહનજીની શેરી | રજનીકાંત પ્રેમચંદ શાહ (તેલીયાવાળા) | ૮૮ | કેમ્સકોર્નર | ૦૨-૧૨-૨૩ | કારતક વદ ૦૫ |
| વિશા શ્રીમાળી | લીમડીનો પાડો | મહેશભાઈ ગભરુચંદ શાહ | ૭૭ | બોરીવલી | ૦૩-૧૨-૨૩ | કારતક વદ ૦૬ |
| વીશા શ્રીમાળી | કુંભારીયા પાડો | નિર્મળાબેન મહેન્દ્રભાઈ શાહ | ૮૭ | અંધેરી | ૦૫-૧૨-૨૩ | કારતક વદ ૦૮ |
| દશા શ્રીમાળી | મલ્લાતનો પાડો | ભાવીનભાઈ કિરીટભાઈ શાહ | ૪૬ | પુના | ૦૮-૧૨-૨૩ | કારતક વદ ૧૧ |
| વિશા શ્રીમાળી | લખિયાર વાડો | જનકભાઈ અરવિંદકુમાર શાહ | ૫૯ | વિલેપાર્લા | ૧૧-૧૨-૨૩ | કારતક વદ ૧૪ |

ચક્ષુદાન કરેલ છે ✷ દેહદાન કરેલ છે ● ત્વચાદાન ✚ અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

# JAINA STUDENTS GUIDANCE COMMITTEE

Jai Jinendra,

**Do you know that approximately 1,000 Jain students travel to the USA and Canada each year to further their education?**

**JAINA & JIF has created a JAINA Students Guidance Committee in the USA and Canada to assist these students,** especially in the beginning of their journey. **This initiative will help students to get connected with our community right from the start and will help them to preserve JAIN values and traditions.**

**Our ethos is to make these students and their families understand that we are here for them:**

## Main Hoon Na ( में हूँ ना )

**Please share this message with your friends and family in India, USA, & Canada. JAINA Students Guidance Committee is looking for Regional Directors (RD) and Guiding Families to sign up for this noble cause.**

- **US & CANADA Families sign up here to become a Guiding Family or Regional Director:**
  bit.ly/JAINAHostFamilyForm
- **Guidelines for students and Families can be found on JAINA's website:**
  https://www.jaina.org/page/JAINA_Student_Host_Family



For further information, please contact:

**Dr. Bipin Doshi (INDIA)**
**Chairman-JIF**
+91 98210 52413
drbipindoshi@yahoo.com

**Pallavi Dedhia (USA)**
**Chairwoman-JSGC**
+1 (781) 608-8205
dedhiapal@comcast.net



Postal Regd. No. MCS / O84 / 2021-23 W.P.P. License No. MR/TECH/WPP-120/South/2021-23.
PATAN PRATIBIMB ● December 2023 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

## જીવન નિર્વાહ સહાય યોજના

રૂા. ૩૧ લાખના મુખ્ય દાતા

૧. શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)
૨. શ્રીમતી સુરેખાબેન જશવંતલાલ મણિલાલ શાહ પરિવાર (ભાભાનો પાડો)
૩. શ્રી જયંતિલાલ ચુનીલાલ શાહ તથા શ્રીમતી લીલાવતીબેન જયંતિલાલ શાહ (ઝભલાવાળા)
હ. શ્રી હર્ષદભાઈ જયંતિલાલ શાહ (ઝભલાવાળા) (ખેતરવસી - મહાદેવાજીની શેરી)

રૂા. ૧૧ લાખના સહાયક દાતા

૧. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) પરિવાર (કનાસાનો પાડો)
૨. શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ પરિવાર (કેશુશેઠનો પાડો)
૩. શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ પરિવાર (વખતજીની શેરી)
૪. શ્રીમતી નીલાબેન અશોકભાઈ પોપટલાલ શાહ (કનાસાનો પાડો)
૫. શ્રીમતી પુષ્પાબેન હસમુખલાલ શાહ અને શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ મહાસુખલાલ શાહ (અબજી મહેતાનો પાડો)
૬. શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)
૭. શ્રીમતી સુશીલાબેન કાંતિલાલ સાલવી. હ. શ્રી શૈલેષભાઈ કાંતિલાલ સાલવી (સાલવી વાડો)
૮. શ્રીમતી રંજનબેન (બચુભાઈ) મહાસુખલાલ શાહ (વાસુપૂજ્યની શેરી)
૯. શ્રી મહેન્દ્રભાઈ દેવચંદ સાંડેસરા (કેશુશેઠનો પાડો)

## શિખરજી યાત્રા પ્રવાસ

### રૂા. ૧૦ લાખના સમેતશિખર યાત્રા પ્રવાસના સૌજન્ય દાતાઓ :-

૧. શ્રી પંકજભાઈ નેમચંદભાઈ ચુનીલાલ શાહ (પોળની શેરી)
૨. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) પરિવાર (કનાસાનો પાડો)
૩. શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ પરિવાર (કનાસાનો પાડો)
૪. શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ પરિવાર (ડંક મહેતાનો પાડો)
૫. શ્રીમતી હંસાબેન રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી પરિવાર (મનમોહનજીની શેરી)
૬. શ્રીમતી ભગવતીબેન કાંતિલાલ સાલવી પરિવાર (હ. શ્રી હેમંતભાઈ સાલવી) (સાલવી વાડો)
૭. શ્રીમતી સાધનાબેન મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ પરિવાર (કુંભારીયા પાડો)
૮. શ્રીમતી જશુમતીબેન લલિતભાઈ સુરજમલ શાહ (હ. શ્રીમતી હીનાબેન ચેતનભાઈ શાહ) (ડંક મહેતાનો પાડો)
૯. શ્રીમતી પરેશાબેન મહેશભાઈ રમણિકલાલ શાહ (કપુર મહેતાનો પાડો)
૧૦. શ્રીમતી સરલાબેન અરવિંદકુમાર બાપુલાલ શાહ (હ. શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ) (લખિયારવાડો)

Printed & Published by BHARATI BHAGUBHAI SHAH on behalf of SHREE PATAN JAIN MANDAL and Printed at Arihant Printing Press, Bldg. No. 310, Saibaba Nagar, Pant Nagar, Ghatkopar (E), Mumbai-400075. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.
**Editor : BHARATI BHAGUBHAI SHAH**

TO,